# અંતિમ લક્ષ્ય

# કર્મક્ષય

(કર્મ બંધાવાનાં કારણો અને કર્મ નિવારણના ઉપાયો)




આલેખ રચનાર અને પુસ્તિકાના લેખક

પ. પૂ. પન્યાસપ્રવર શ્રી અરુણવિજયજી ગણિવર્ય મ.સા.ના

શિષ્યરત્ન મુનિરાજ શ્રી હેમંત વિજયજી મ.સાહેબ

---

સંપાદક અને સંયોજક

શ્રી શાંતિભાઈ ડગલી

શ્રી વિનુભાઈ શાહ

# અંતિમ લક્ષ્ય કર્મક્ષય

(કર્મ બંધાવાનાં કારણો અને કર્મ નિવારણના ઉપાયો)


આલેખ રચનાર અને પુસ્તિકાના લેખક

**પ. પૂ. પન્યાસપ્રવર શ્રી અરુણવિજયજી ગણિવર્ય મ.સા.ના**
**શિષ્યરત્ન મુનિરાજ શ્રી હેમંત વિજયજી મ.સાહેબ**

સંપાદક અને સંયોજક
**શ્રી શાંતિભાઈ ડગલી**
**શ્રી વિનુભાઈ શાહ**


**અર્પણ દરેક શ્રદ્ધાવંત જીવને**


**પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન**

**શ્રી શાંતિભાઈ મુળચંદભાઈ ડગલી**

૩/૧૮, જેસીંગભાઈ મેન્સન, દિલ્હી દરવાજા બહાર,
શેઠ હઠીસિંહની વાડી સામે, લક્ષ્મી નમકીનની ઉપર,
અમદાવાદ - ૩૮૦૦૦૪
ફોન : ૦૭૯-૨૫૬૨૭૦૫૯, મો. ૯૪૨૮૬૦૭૧૫૫

# પ્રસ્તાવના

અનંતા સંસારમાં ભટકતાં ભટકતાં બહુ પુન્ય યોગે મનુષ્યનો ભવ મળ્યો અને અંતિમ લક્ષ્યે આરાધના-પુરુષાર્થ કરવાની તક મળી, પરંતુ જીવનમાં હરપળે જાત જાતનાં કર્મો ઉદયમાં આવે છે અને આ અમૂલ્ય જીવનનાં ઉદ્દાત લક્ષ્યો હાંસલ કરવામાં અવરોધરૂપ બને છે.

દુનિયામાં દુઃખનાશ, સંકટનાશ, વિઘ્ન શાંતિ આદિના રસ્તા બતાવનાર ઘણા છે. પરંતુ મોક્ષના લક્ષે પાપકર્મના નાશનું – કર્મક્ષયનું સાધન બતાવનાર અરિહંત પરમાત્મા છે. આ સાથે એક આલેખ જોડ્યો છે જેમાં એક નજરે, આઠેય કર્મની દરેક જીવની આજની સ્થિતિ, આવા કર્મબંધનાં કારણો અને નિદાન અને આઠેય કર્મો અને તેની ૧૫૮ ઉત્તર પ્રકૃત્તિથી મુક્ત થવાના – નિવારણના ઉપાયો દર્શાવ્યા છે. આ ઉપાયો ઉપરાંત કર્મનિવારણ માટે નવકારની આરાધના, નવકારના પદોની આરાધના, યોગ્ય જાપના અનુષ્ટાન, તપ, જપ, સુદ અને વદની ૧૦ તિથિની આરાધનાઓ, જીવદયાનાં કાર્યો, ગ્રહોના અને પિતૃઓના દોષ નિવારણ પ્રયોગો વગેરે ખૂબ ઉપયોગી થાય છે.

આ પુસ્તિકામાં પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કેવી રીતે આઠ કર્મનું નિવારણ કરે તેમજ અરિહંત પરમાત્માના આઠ પ્રાતિહાર્યનું ધ્યાન પણ આઠેય કર્મમાંથી કેવી રીતે મુક્તિ આપે તેની પ્રક્રિયા દર્શાવી છે. આ ઉપાયોથી ઘણા પરિચિત હશે, પરંતુ કર્મક્ષય માટેનું તેમનું યોગદાન ધ્યાનમાં નહીં હોય.

સાથે અઢાર પાપસ્થાનકની આપણી રોજિંદી પ્રવૃત્તિથી આ કર્મો કેવી રીતે બંધાય તે વિગતે દર્શાવ્યું છે. આ જાણકારી નવા કર્મબંધથી બચવા જાગૃતિપૂર્વક આવાં કર્મો બાંધવાની પ્રવૃત્તિથી દૂર રહેવામાં મદદ કરશે.

“કર્મથી મુક્તિ તે જ સાચી મુક્તિ છે” તે અરિહંત પરમાત્માની સાધનાનું રહસ્ય આ પુસ્તિકામાં રજૂ કરેલ છે. સાથે પરિશિષ્ટમાં બાર વ્રતના નામ, ચરણ સિત્તરી, કરણ સિત્તરી, દસ યતિધર્મ, દસ ત્રિક, તેર કાઠિયા અને જિનમંદિરની ૮૪ આશાતનાની વિગત આપી છે.

આ પુસ્તિકા અને આલેખ ખૂબ મહેનત લઈને પ. પૂ. શ્રી હેમંત વિજયજી મ.સાહેબે બનાવેલ છે. અમો તેમના ખૂબ ઋણી છીએ. અમે ભાવના ભાવીએ કે અરિહંતની આરાધના કરી સર્વ જીવ કર્મ મુક્ત બનો, અને આશા રાખીએ કે આપ સર્વને આ આલેખ અને પુસ્તિકા ઉપયોગી થશે.

વિતરાગ પરમાત્માના શરણાગત

**વિનુભાઈ સી. શાહ** **શાંતિભાઈ મુ. ડગલી**

- અમદાવાદ

તા. ૧૭-૫-૨૦૧૭
બુધવાર વૈશાખ વદ-૬
વિ. સ. ૨૦૭૩

# મોક્ષમાર્ગના આરાધકની પ્રાર્થના

## શુદ્ધ સામાયિક દશાની પ્રાપ્તિ

**હે શ્રી સીમંધર સ્વામી અરિહંત પ્રભુ આપને જે સુખ પ્રાપ્ત થયું છે, તે સુખ અમ સર્વેને પ્રાપ્ત હો, જગતના સર્વે જીવોને પ્રાપ્ત હો.**

૧. હે દેવાધિદેવ, અરિહંત પ્રભુ, વિતરાગ પરમાત્મા, જિનેન્દ્ર દેવ, મારા અંતરમાં બિરાજમાન સિદ્ધ સ્વરૂપી વિતરાગ પરમાત્મા વર્તમાને, ભરત ક્ષેત્રે પ્રવર્તમાન, પ્રત્યક્ષ, પ્રગટ, જ્ઞાની ભગવંત મને **ચરમ શરીરી તિર્થંકર પરમાત્મા** જેઓ જન્મજાત માતાના ગર્ભમાંથી જ નિરંતર સામાયિક દશામાં જ રહે છે, જેથી કરીને એમનું વિકલ્પ રૂપ 'હું' ગર્ભપ્રવેશથી જ નિર્વિકલ્પ, આત્મસ્વરૂપમાં સહજરૂપે એકરૂપ, એકાકાર અને અભેદ હોવાથી નિર્વિચાર, નિર્વિકલ્પ, ભાવાતીત, શબ્દાતીત દશામાં શુક્લ ધ્યાનાગ્નિમાં પ્રચંડ જ્ઞાનાગ્નિમાં ચાર ઘનઘાતિ કર્મો ભસ્મીભૂત થતાં, સંવરપૂર્વક નિર્જરા થતાં પોતાનું કેવળજ્ઞાન સ્વરૂપ પ્રગટ થયું. તત્પશ્ચાત્ આઠે કર્મોનો ક્ષય થતા મોક્ષે ગયા તેવી આત્માની શુદ્ધ સામાયિક દશા અમને નિરંતર પ્રાપ્ત થાઓ, પ્રાપ્ત થાઓ, પ્રાપ્ત થાઓ.

૨. આ ભાવ પ્રાર્થના થકી અમે ભાવાતીત દશાને પામીએ અને નિર્ભાવી દશા અમારામાં નિતાન્ત અવસ્થામાં રહે. આ અમારી અંતિમ ઇચ્છા અમને નિરઈચ્છક દશામાં લઈ જાય.

૩. આ પ્રાર્થના થકી ભાવથી ભાવાતિકત, વિકલ્પથી નિર્વિકલ્પ, વિચારથી નિર્વિચાર, શબ્દથી શબ્દાતીત દશા અમને પ્રાપ્ત હોજો.

૪. જેમ સમુદ્રમાંથી ઉદ્ભવેલું મોજું સમુદ્રમાં જ વિલીન થાય છે. તેમ પોતાના અનાદિઅનંત નિર્વિકલ્પ આત્મસ્વરૂપમાંથી ઉદ્ભવેલ વિકલ્પરૂપ 'હું' વર્તમાને જેના જન્મમરણ ચાલુ જ છે. અંતિમ ભવ નથી તેવા મોક્ષમાર્ગના આરાધકને પોતાના ચર્મચક્ષુ બંધ કરતાં શાંતિ અને સ્થિરતાથી સહજરૂપે બેસતાં શુદ્ધ સામાયિક દશામાં તેનું વિકલ્પરૂપ 'હું' સહજ રીતે જ પોતાના નિર્વિકલ્પ આત્માસ્વરૂપમાં લય થતું જાય છે, એકરૂપ થતું જાય છે, જે છેવટે સંવરપૂર્વક નિર્જરાથી આત્મદશા પ્રગટ થવાનું કારણ બને છે.

૫. આ સામયિકમાં ચર્મચક્ષુ બંધ કરતાં જ પોતાના ચૈતન્ય સ્વરૂપ, પરમાત્મા સ્વરૂપમાં, શાશ્વત સ્વરૂપમાં, અહંપણું, 'હુંપણું' સહજપણે એકરૂપ થતું જાય છે. લય પામતું જાય છે. તેથી ઉદય આવતાં પ્રારબ્ધકર્મનો ભોગવટો જે મન, વચન, કાયા દ્વારા ફળ આપે છે. હિસાબ ચૂકવાય છે કારણ કે વાણી અને કાયા બાહ્યકરણ તથા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તે અંતઃકરણ તે છએ વસ્તુનો કર્મનો ભોગવટો માત્ર છે. પૂર્વે સ્વરૂપની અજ્ઞાનતાને કારણે ભોગવટારૂપ ઉદય આવતા કર્મોમાં પ્રિય, અપ્રિય, ગમતું, અણગમતું, રાગ, દ્વેષ, વિષય-કષાય, આમ હોય, આમ ના હોય તેવી વિકલ્પરૂપ 'હું'ની પ્રતિક્રિયા અભિપ્રાય થવાથી આશ્રવપૂર્વક નવાં કર્મો બંધાય છે, જે છેવટે બીજા જન્મે ભોગવવા પડે છે. પરંતુ 'હુંપણું' સામયિકમાં સ્વસ્વરૂપમાં એકરૂપ હોવાથી પ્રતિક્રિયા કે અભિપ્રાય ન અપાતો હોવાથી સંવરપૂર્વક નિર્જરા થાય છે. જેમ જેમ વધુ ને વધુ સામાયિકો થતી જાય છે તેમ તેમ સ્થિરતા વધતી જાય છે. કર્મનાં આવરણો

હટતાં જાય છે. તેથી ઉદયકર્મો તે મારા ચૈતન્યસ્વરૂપના નથી, પરંતુ ભોગવટારૂપ દેહધારીના ત્રિકરણ યોગના પુદ્ગલ સ્વરૂપના છે તેથી મારો જ હિસાબ છે. જે સંજોગોને, વ્યક્તિઓના ભેગા થવા થકી હિસાબ ચૂકતે થાય છે. હું કર્મથી મુક્ત થાઉં છું. હળવો થાઉં છું. આમ ઉદયકર્મોનો બાહ્ય ઉદય, કર્મોથી મુક્ત કરાવનારો હોવાથી તેનો હૃદયમાં સહજ સ્વીકાર હોય છે. તેથી સંવરપૂર્વક નિર્જરા થાય છે. સંવરપૂર્વક નિર્જરા કર્મથી મુક્ત થવાની આ અદ્ભુત અને અપ્રતિમ સામાયિક હોવાથી વારંવાર આદરવી. જેથી સંવરપૂર્વક નિર્જરા થતા અનંતાકર્મ પરમાણું ખરી પડવાથી પોતાનું સ્વરૂપ સહજ રીતે પ્રકાશી ઊઠશે. વધુ શું કહીએ !

૬. આ સામાયિકમાં પંચ મહાવ્રતો, સંયમ, પુરુષાર્થ, પરાક્રમ, પંચ પરમેષ્ઠિ સ્વરૂપ, નવપદજી, વીતરાગ ભગવંતોની, જ્ઞાની ભગવંતોની આજ્ઞા, વીતરાગ માર્ગ આ સર્વ સમાવિષ્ટ થઈ જાય છે. જિનેશ્વર ભગવંતોની વરસેલી કૃપા અને કરુણાને હૃદયમાં સ્વીકારીને, ધારીને સર્વે જીવો મુક્તિથી લાભાન્વિત થાઓ, વીતરાગ માર્ગ ત્રિકાળ જય પામો,વીતરાગ માર્ગ ત્રિકાળ જય પામો, વીતરાગ શાસન ત્રણે કાળ જયવંતુ વર્તો.

૭. 'હું' નિર્વિકલ્પ સ્વરૂપે શાશ્વત સ્વરૂપે, ચૈતન્ય સ્વરૂપે, પરમાત્મા સ્વરૂપે, સિદ્ધ સ્વરૂપે છું જ. 'હું' વિકલ્પ સ્વરૂપે 'કંઈ જ નથી', હું શૂન્ય છું, કારણ કે હું વિકલ્પ સ્વરૂપે તે સઘળી પુદ્ગલ કરામત છે. એટલે કે ક્ષણમાં ભેગા થવું, વિખરાવું, પુરણ થવું, ગલન થવું. જેમ કે પડછાયો, મેઘધનુષ, ઝાકળબિંદુ, પાણીના પરપોટા, પાણીમાં વમળ, સમુદ્રમાં ઉદ્ભવતાં મોજાં ક્ષણાર્ધમાં પરિવર્તન પામે છે. કેલીડોસ્કોપમાં રહેલા બંગડીના કાચના ટુકડા ક્ષણમાં આકૃતિ અને ક્ષણમાં કાચના ટુકડા.

૮. **વીતરાગ પરમાત્માએ જિનેશ્વર દેવોએ જે સામાયિકમાં રહીને** પોતાનું કેવળજ્ઞાન સ્વરૂપ પ્રગટ કર્યું છે તે આ સામયિક છે અને તે થકી આ કાળમાં દુર્લભ એવી સંવરપૂર્વક નિર્જરા શક્ય થાય છે. તેથી બહુમાનપૂર્વક, અહોભાવપૂર્વક, પરમવિનયપૂર્વક આ ઉત્કૃષ્ટ અને સર્વોપરિ સામાયિકને હૃદયપૂર્વક સહજ રીતે સ્વીકારીને હૃદયમાં ધારીને આદરવી. જેથી અપ્રતિહત અપ્રતિમ આત્મકલ્યાણનું કારણ બને. મોક્ષમાર્ગના આરાધકો આ પ્રત્યે ખાસ ધ્યાન આપે.

૯. આ સામાયિક કાલાતીત એવી આત્મદશા પ્રગટ કરાવનારી હોવાથી સમયમર્યાદા બાંધવી જરૂરી નથી. સૂતાં, બેસતાં ગમે તે આસન કે સ્થિતિમાં ચર્મચક્ષુ બંધ કરતાં જ સામાયિક સ્થિતિ શરૂ થઈ જાય છે. શ્રદ્ધા અને સબુરી – ધીરજપૂર્વક ખૂબ જ વિનયપૂર્વક **વીતરાગ પરમાત્માની** જીવો ઉપર કોઈપણ ભેદભાવ વિના વરસેલી કૃપા અને કરુણાથી પ્રાપ્ત થયેલ હોવાથી ખૂબ જ વિનય, શ્રદ્ધા અને ભક્તિપૂર્વક સામાયિકનો લાભ લેવો. આ સામાયિકમાં આંખો બંધ કરી શાંતિથી શરીરની સહજતાપૂર્વક, સ્વસ્થતાપૂર્વક અનુકૂળ સ્થિતિએ બેસવું. કોઈપણ જાતની મૂર્તિ, મંત્ર કે જાપ **કોઈપણ આલંબન લેવાનું નથી.** કશું જ કરવાનું નથી. નિરાલંબ સ્થિતિની સામાયિક છે.

**વિતરાગ પરમાત્માનો શરણાગત**

**મોક્ષમાર્ગનો આરાધક**

**ચરમમંગલ**

## :: અષ્ટપ્રકારી પૂજાથી આઠ કર્મનો ક્ષય ::

૧. જળપૂજાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય.

૨. ચંદનપૂજાથી દર્શનાવરણીય કર્મનો ક્ષય.

૩. પુષ્પપૂજાથી વેદનીય કર્મનો ક્ષય.

૪. ધૂપપૂજાથી મોહનીય કર્મનો ક્ષય.

૫. દીપકપૂજાથી આયુષ્ય કર્મનો ક્ષય.

૬. અક્ષતપૂજાથી નામ કર્મનો ક્ષય.

૭. નૈવેદ્યપૂજાથી ગોત્ર કર્મનો ક્ષય.

૮. ફળપૂજાથી અંતરાય કર્મનો ક્ષય.

## :: અરિહંતોના આઠ પ્રાતિહાર્યના ધ્યાનથી આઠ કર્મનો ક્ષય ::

૧ લા ''અશોક વૃક્ષ''ના ધ્યાને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય.

૨ જા ''સુર પુષ્પવૃષ્ટિ''ના ધ્યાને દર્શનાવરણીય કર્મનો ક્ષય.

૩ જા ''દિવ્યધ્વનિ''ના ધ્યાને વેદનીય કર્મનો ક્ષય.

૪ થા ''ચામર''ના ધ્યાને મોહનીય કર્મનો ક્ષય.

૫ મા ''સિંહાસન''ના ધ્યાને આયુષ્ય કર્મનો ક્ષય.

૬ ઠ્ઠા ''ભામંડલ''ના ધ્યાને નામ કર્મનો ક્ષય.

૭ મા ''દુન્દુભિ''ના ધ્યાને ગોત્ર કર્મનો ક્ષય.

૮ મા ''ત્રણ છત્ર''ના ધ્યાને અંતરાય કર્મનો ક્ષય.

# કર્મરૂપી કરોળિયાની જાળમાં ફસાયેલો આત્મા

## :: આત્માની સેના ::

આત્માની સેના આ પ્રમાણે છે : આત્મા સ્વયં રાજા છે. સંતોષરૂપી મુખ્યમંત્રી જીવનો સહાયક છે, જે યુદ્ધમાં સૌથી આગળ રહે છે અને એ સમક્તિ રૂપી મંડલિકનો સરસેનાધિપતિ છે. પાંચ મહાવ્રતરૂપી પાંચ સામંત સાથે છે. માર્દવરૂપી હાથી સાથે ચાલે છે. ચરણસિત્તરી અને કરણસિત્તરીની પાયદળ સેનામાં વ્રત, નિયમ, પચ્ચક્ખાણ, તપ, તપશ્ચર્યા તથા જપ-ધ્યાન વગેરેની ઘણી મોટી સેના છે. એમનો સેનાની શ્રુતબોધ છે. જીવરૂપી રાજા અઢાર હજાર શીલાંગ રથ પર આરૂઢ થઈને મોહરાજા સામે લડવા જાય છે. જિવાત્મા અને મોહનીયકર્મની વચ્ચે અધ્યવસાયરૂપી બાણોનો વરસાદ થાય છે. આ ઘમાસાણ યુદ્ધમાં ક્યારેક મોહરાજા જીતે છે તો ક્યારેક જિવાત્મા જીતે છે. મોહરાજાના ૧૩ કાઠિયાં ઘણાં પ્રબળ હોય છે. પીઠ પાછળ વાર કરતા તેઓ ગોરીલા યુદ્ધ કરે છે અને વિષય-કષાયના રંગરાગમાં જીવને ફસાવી દે છે. પરંતુ આત્માની શક્તિ પણ અનંત છે. જો આત્મા પૂર્ણ પુરુષાર્થથી લડે તો જીતી જાય છે અને જીતી જાય તો કાયમ માટે મોહપાશથી મુક્ત થઈને, કેવલજ્ઞાન વગેરે પ્રાપ્ત કરીને મોક્ષમાં જતો રહે છે. પછી ક્યારેય પણ મોહરાજા સાથે લડવાની જરૂર પડતી નથી. આત્મા પૂર્ણ વિજયી બનીને અજરામર પદ પામે છે. આવી રીતે ભયંકર યુદ્ધમાં આત્માએ જીતવું જ જોઈએ.

સમસ્ત સંસાર એક યુદ્ધનું મેદાન છે. અનંતા જીવો એમાં લડે છે, પરંતુ ઘણીવાર હારી જાય છે. માટે જ મહાપુરુષોએ ધર્મોપદેશ આપીને અધ્યાત્મનો માર્ગ બતાવ્યો છે. આ માર્ગ પર ચાલવાથી જ જીવ વિજયી બનીને પરમધામ રૂપ મોક્ષને પામી શકે છે.

## :: મોહનીયકર્મની સેના ::

૬૪ પ્રકારી પૂજામાં મોહનીયકર્મની પૂજાની ઢાળમાં પૂજ્ય વીરવિજયજી મહારાજ સાહેબે મોહનીયકર્મ કેટલું પ્રબળ છે, તેની સેના કેટલી મોટી છે, આ વાત એક રૂપક દ્વારા પ્રસ્તુત કરી છે.

મોહનીયકર્મ એક રાજા છે. એ જીવની સામે આવીને ઊભો છે. માયા એની પત્ની છે, જે રાણીના રૂપમાં છે. એનો પુત્ર કામદેવરૂપ વેદમોહનીય છે. લોભ એનો મંત્રી છે અને દુર્ધર ક્રોધ આદિ એના સૈનિકો છે. હાસ્ય વગેરે નવ નોકષાય આ મોહનીય કર્મરાજાને બેસવાનો રથ છે. એના મુખ્યમંત્રી અથવા મંડલિક રાજા મિથ્યાત્વ છે, જે બહુ ખતરનાક છે. સમકિત મોહનીય અને મિશ્રમોહનીય એના બે નાના ભાઈ છે. મોહનીયકર્મની સેના આઠ પ્રકારના અભિમાનરૂપી હાથી પર બેસીને ધામધૂમથી ચાલે છે. ક્રોધ વગેરે કષાયની તેજીમાં શંખનાદ અને બ્યુગલ વગાડતી સેના ચાલે છે. આ રીતે મોહરાજાની સેનામાં ક્રોધ આદિ ચારેય કષાયો લડાઈમાં સૌથી આગળ રહે છે, જે ઘણાં ક્રૂર હોય છે. મોહરાજાના મુખ્યમંત્રી મિથ્યાત્વી, નાસ્તિક અને અજ્ઞાની હોવાથી નિર્દયતા તથા ક્રૂરતાથી જીવ ઉપર ચઢાઈ કરે છે. કામદેવરૂપી વેદમોહનીય પુત્ર જીવની સાથે વિશ્વાસઘાત કરીને એને પોતાની વિષય-વાસનાની ચાલમાં ફસાવી દે છે.

## :: જ્ઞાનાવરણીય કર્મ ::

**કર્મના ઉદયે જીવની સ્થિતિ :-** જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ અજ્ઞાન પ્રદાન કરવાનો છે. સ્પર્શેન્દ્રિય આદિ પાંચ જ્ઞાનેન્દ્રિયો કમજોર મળે, આ પાંચેય જ્ઞાનેન્દ્રિયની વિકલતા પ્રાપ્ત થાય, એની શક્તિઓ ક્ષીણ થાય, કોઈ જન્મથી અંધ બને, કોઈ જન્મથી મૂંગો-બહેરો બને, જ્ઞાન ભણવામાં અરુચિ થાય,

પાગલપણું પ્રાપ્ત થાય, બુદ્ધિ ઓછી મળે, યાદશક્તિ મંદ હોય, મૂર્ખ બને, નવું નવું જાણવાની રુચિ ઓછી થાય, કોઈ પણ કાર્યમાં નિર્ણયશક્તિનો અભાવ પ્રાપ્ત થાય, ભણેલું-દેખેલું-સાંભળેલું યાદ ન રહે, ભણવા બેસતા જ ઊંઘ આવી જાય, ભણેલું ભૂલી જવાય, વૃત્તિ ચંચળ થાય, માનસિક રોગી થાય, મગજ રહિત થાય, અવિચારી કાર્ય કરનાર બને, અવિવેકી બને, સાર-અસાર તથા જ્ઞેય-ઉપાદેયમાં વિવેક ન કરી શકે, લોકમાં નિંદનીય બને, કર્કશ ભાષા બોલનાર થાય, મંદમતિ બને.

**કર્મ બંધાય તેવી પ્રવૃત્તિ :-** જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના ઉપકરણોની આશાતના કરવી, જ્ઞાનનો ગર્વ કરવો, અકાળે સ્વાધ્યાય કરવો, ભણવામાં આળસ કરવી, જ્ઞાનદાતા ગુરુનું નામ છુપાવવું, જ્ઞાનીગુરુ પ્રતિ શત્રુતા રાખવી, એમનું અપમાન-અનાદર કરવો, પુસ્તક, કાગળ, નોટ આદિ બાળવા, એંઠા મોઢે બોલવું, ભોજન કરતાં કરતાં ટી.વી. જોવું, પુસ્તક ઉપર બેસવું, પુસ્તક, કાગળ, પેન, પેન્સિલ, રૂપિયા વગેરેને થૂંક લગાડવું, પુસ્તક ફાડવું, છાપા ઉપર સંડાસ-પેશાબ કરવો, નાસ્તો કરવો, બુદ્ધિ હોવા છતાં ન ભણવું, માસિક ધર્મ-અંતરાયમાં પુસ્તક વાંચવું, દિવાળી વગેરે પ્રસંગોમાં ફટાકડા ફોડવાં, ભણનારને હેરાન કરવો કે જેથી તે ભણી ન શકે. આવી પ્રવૃત્તિઓથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

**કર્મનો ક્ષય થાય તેવી પ્રવૃત્તિ :-** જ્ઞાનનો પ્રચાર કરવો, આગમશાસ્ત્ર આદિ લખાવવા, જ્ઞાનપ્રાપ્તિ માટે પરિશ્રમ કરવો, એઠા મોઢે ન બોલવું, જેના ઉપર અક્ષરો લખ્યા હોય તેવા પદાર્થો ન ખાવા, જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનનાં ઉપકરણોનો આદર કરવો, ભગવાનની દીપક પૂજા કરવી, પાઠશાળામાં ભણવું-ભણાવવું, 'ૐ હ્રીં નમો નાણસ્સ'ની નવકારવાળી ગણવી, વાંચના-પૃચ્છના-પરાવર્તના આદિ સ્વાધ્યાય કરવો, આદિ પ્રવૃત્તિથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થઈ શકે છે.

## :: મોહનીય કર્મ ::

**કર્મના ઉદયે જીવની સ્થિતિ :-** દર્શન મોહનીય કર્મના ઉદયથી જીવ અજ્ઞાની અને અશ્રદ્ધાળુ બને છે, દેવ-ગુરુ અને ધર્મના સિદ્ધાંતોને માનતો નથી. ખાવો-પીવો અને મોજ-મઝા મસ્તી કરો એવી મનોવૃત્તિ બને છે. ક્રોધી, માની, અભિમાની, માયાવી અને લોભી બનાય છે. પાપ કરવામાં રુચિ થાય છે, જીવ પાપને પાપ માનતો નથી, ધર્મક્રિયાના ફળમાં શંકા-સંદેહ રાખે છે. શ્રદ્ધા અને અશ્રદ્ધા તથા સત્ય અને અસત્ય બંને પ્રતિ મિશ્રશ્રદ્ધા રાખે છે. દુરાચારી-વ્યભિચારી બને છે. સંભોગથી સમાધિની મિથ્યા માન્યતાવાળો મૂર્ખ બને છે. યમ-નિયમ, વ્રત-મહાવ્રત વગેરેના માર્ગને ખોટો બતાવે. કંચન-કામિનીના ત્યાગી સાચા સાધુઓને માને નહીં અને બાવા-જુગટાને સાચા ગુરુ માને. આર્તધ્યાન થાય, રૌદ્રધ્યાન કરીને 'મારું કે મરું' જેવી ક્રૂર વૃત્તિ પેદા થાય. કૂતરા-બિલાડી, વાઘ-ગાય, મોર-સાપ આદિની જેમ જાતિવેર થાય, માંસભક્ષણ, મદિરાપાન, મૈથુનસેવન વગેરેમાં પાપ નથી એવું માનવા મન લલચાય.

**કર્મ બંધાય તેવી પ્રવૃત્તિ :-** જૈનધર્મથી વિપરીત માર્ગની દેશના, ઉપદેશ, માર્ગદર્શન કરવાથી, મોક્ષપ્રાપ્તિના માર્ગનો અપલાપ કરવાથી, દેવદ્રવ્યની ચોરી-ભક્ષણ કરવાથી, દેવદ્રવ્યનો દુરુપયોગ કરવાથી, વીતરાગની નિંદા, અપમાન, તિરસ્કાર કરવાથી, સાધુ-સાધ્વીજીની નિંદા કરવાથી દર્શન મોહનીય કર્મ બંધાય છે. ક્રોધ આદિ કષાય તથા હાસ્ય આદિ વિષયોમાં આસક્ત રહેવાથી ચારિત્ર મોહનીય કર્મ બંધાય છે. જીવહિંસા કરવાથી, શાંત થયેલા ઝઘડાને ફરીથી જાગૃત કરવાથી, ધર્મીલોકોને ધર્મથી ભ્રષ્ટ કરવાથી, શ્રુતદાતા ગુરુની આશાતના કરવાથી, સાધુ-સાધ્વીજીની નિંદા કરવાથી, વડીલોનું અપમાન-તિરસ્કાર કરવાથી, માયા-કપટ કરીને ભોળા જીવોને ફસાવવાથી, પરસ્ત્રીગમન, વેશ્યાગમન વગેરે કરવાથી મોહનીય કર્મ બંધાય છે.

**કર્મનો ક્ષય થાય તેવી પ્રવૃત્તિ :-** પ્રતિકૂળ સંયોગોમાં ક્રોધ આદિ કષાય ન કરવાથી, ધન, જ્ઞાન, રૂપ, કૂલ આદિનું અભિમાન ન કરવાથી, ક્ષમા, સમતા

આદિ ગુણોનું આચરણ કરવાથી, જિનેશ્વર પરમાત્માના ગુણોનું ધ્યાન કરવાથી, ત્યાગીઓના ત્યાગની અનુમોદના કરવાથી, વિપત્તિમાં પણ ધૈર્ય રાખવાથી, પરમાત્માની જેમ સમતાભાવથી ઉપસર્ગો સહન કરવાથી, પ્રભુની ધૂપપૂજા કરવાથી, મિથ્યાત્વની દુર્ગંધથી મુક્તિ મળે છે. શ્રાવકજીવનમાં પૌષધ આદિ ક્રિયા કરવાથી મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે.

## :: દર્શનાવરણીય કર્મ ::

**કર્મના ઉદયથી જીવની સ્થિતિ :-** ચક્ષુદર્શનાવરણીય કર્મના ઉદયથી જન્માંતરમાં કાણા, રાત્રિ તથા દિવસનું અંધપણું, જન્મજાત અંધપણું, દુઃખી તથા દીન સ્થિતિવાળા બનાય છે. ઇન્દ્રિયો અને મન આદિ ન્યૂનાધિક પ્રાપ્ત થાય છે, આંખોમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે. મોઢું રોગી થાય, મોઢામાંથી પૂરું બોલાય નહીં, અક્ષરોનું પૂરું ઉચ્ચારણ ન થઈ શકે, જન્મથી બહેરાશ મળે, શરીરના અંગોપાંગ આદિ સંપૂર્ણ ન મળે, કુરૂપતા થાય, લકવા થાય, ચામડીના અનેક રોગો થાય, પ્રવચનમાં ઊંઘ આવે, ઘોડાની જેમ ઊભા ઊભા ઊંઘ આવે, ઊંઘમાં કાર્ય કરે, આહાર વધવાથી ઊંઘ વધે અને આ બધી ઊંઘ (નિદ્રાના પ્રકારો) મોહનીયકર્મની દાસીઓ છે. પૂર્વધર મહામુનિ પણ જો નિદ્રાને વશ થાય તો પૂર્વગત શ્રુતને ભૂલી જાય છે અને મરીને નિગોદમાં જન્મ લેવો પડે તેવી સ્થિતિ સર્જાય છે. જન્મજાત નિરક્ષર ભટ્ટાચાર્ય થવાય.

**કર્મ બંધાય તેવી પ્રવૃત્તિ :-** દર્શન, દર્શની અને દર્શનના ઉપકરણોની આશાતના કરવી, ઇન્દ્રિયોનો દુરુપયોગ કરવો, અર્થોપાર્જન માટે મૂર્તિ વગેરે વેચવાં, મૂર્તિ નીચે પાડવી, દેરાસરનાં ઉપકરણોને પગ લગાડવો, દેરાસરની ૮૪ આશાતના કરવી, દેરાસરમાં પગ ઉપર પગ ચઢાવીને બેસવું, દેરાસરમાં ઊંઘવું, આગમની આશાતના કરવી, મિથ્યા ઉપદેશ આપવો, શાસ્ત્ર-સૂત્ર-સિદ્ધાંત વિરુદ્ધ બોલવું, ઈર્ષ્યા, દ્વેષ, અનાદર, અપમાન કરવું, જિનેશ્વર પ્રભુનાં દર્શનમાં

અડચણ નાખવી, તીર્થોની આશાતના કરવી જેમ કે તીર્થોમાં જુગાર રમવો, અબ્રહ્મનું સેવન કરવું, દારૂ, તમાકુ, ગુટખા આદિ વ્યસનોનું સેવન કરવું, પરમાત્માના ગુણોનો અનાદર કરવો, પ્રવચનમાં વાતો કરવી, ઊંઘવું, અભાવ-અનાદર વ્યકત કરવો, ગુણીજનોનું અપમાન કરવું.

**કર્મનો ક્ષય થાય તેવી પ્રવૃત્તિ :-** દર્શન, દર્શની અને દર્શનના ઉપકરણોનો આદર, બહુમાન અને વિનય કરવાથી, જિનેશ્વર પ્રભુનાં દર્શન-પૂજા, ચૈત્યવંદન, દેવવંદન કરવાથી, ગુલાબ આદિ સુગંધી પુષ્પોથી ભગવાનની પૂજા કરવાથી નાક વગેરે ઇન્દ્રિયો લક્ષણયુક્ત મળે છે. પ્રભુની વાણીનું બહુમાન કરવાથી, પ્રભુનાં ગુણગાન કરવાથી, ધ્યાન આદિ કરવાથી, જિનાગમની શુદ્ધ પ્રરૂપણા કરવાથી, ગુણીજનોનો વિનય-વૈયાવચ્ચ કરવાથી જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

## :: અંતરાય કર્મ ::

**કર્મના ઉદયે જીવની સ્થિતિ :-** દાન આપવાની ઇચ્છા હોવા છતાં પણ દાન ન કરવા દે, મેળવવાની ઇચ્છા હોવા છતાં મળવા ન દે, ખાવાની ઇચ્છા હોવા છતાં ખાવા ન દે, સુંદર વસ્ત્રો વગેરે પહેરવા ન દે આનું નામ અંતરાય કર્મ. ભિખારી બનાવે, અન્ન ઉપર અરુચિ થાય, વસ્ત્ર, આભૂષણ, શયન-પલંગ આદિ મળવા છતાં ભોગવી ન શકાય. નિર્ધન, પરવશ, દીન, ગરીબ, નોકર આદિ બનવું પડે. આળસું બની જવાય, પાંગળા, નિર્બળ, અશક્ત થવાય, વેશ્યા બનીને દેહવ્યાપાર કરવો પડે, ભૂખ્યું-તરસ્યું રહેવું પડે, શારીરિક શક્તિ ક્ષીણ થઈ જાય, નિરુત્સાહ, હતોત્સાહ, આત્મવિશ્વાસનો અભાવ થાય, નિરાશાજનક વિચારધારાથી આત્મહત્યા કરવાનું મન થાય. ડગલે ને પગલે વિઘ્નો આવે. ઘણો પરિશ્રમ કરવા છતાં સફળતા ન મળે, કંજૂસાઈ, ચિંતા, ઉદ્વેગ પ્રાપ્ત થાય. સાધુ-સાધ્વીજીને ગોચરી ન મળે. ઉત્પન્ન થયેલી ઇચ્છાઓ

મનમાં જ રહી જાય, પૂર્ણ ન થાય.

**કર્મ બંધાય તેવી પ્રવૃત્તિ :-** વિઘ્નો ઊભા કરવા એ અંતરાય કર્મનું મુખ્ય કાર્ય છે. જેમ કે દાતાને દાન આપતા રોકવો, વિદ્યાર્થીને ભણતા રોકવા, દાતા અને દાનધર્મની નિંદા કરવી, સાધકોની સાધના નષ્ટ કરવી, યોગ્ય પાત્ર મળવા છતાં દાન ન આપવું, કોઈને મળનાર લાભ અને ભોગમાં અંતરાયો ઊભા કરવા, પોતાના લાભ માટે બીજાને હાનિ પહોંચાડવી, દેવ, ગુરુ, સાધર્મિકોનું અપમાન કરવાથી, ધાર્મિક ક્રિયા કરવામાં આળસ-પ્રમાદ કરવાથી, ભગવાનની પૂજામાં વિઘ્નો નાખવાથી, પશુ આદિનું મોઢું બાંધીને ખાવામાં અંતરાય કરવાથી, નોકર-ચાકરને ભૂખ્યા રાખવાથી, પત્ની આદિની ગુપ્ત વાતો જાહેર કરીને દુઃખ પહોંચાડવાથી, મહામુનિ તપસ્વીઓની સાધનામાં વિક્ષેપ કરવાથી અંતરાય કર્મ બંધાય છે.

**કર્મનો ક્ષય થાય તેવી પ્રવૃત્તિ :-** સુપાત્રદાન, તપ કરવાથી સમસ્ત જીવો પ્રતિ પ્રેમ-કરુણા-દયા રાખવાથી, સુકૃતોની અનુમોદના કરવાથી, ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, વસ્ત્ર, પાત્ર આદિનું દાન કરવાથી, પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરવાથી, પ્રભુની સ્તુતિ-સ્તવના કરવાથી, અપૂર્વ વીર્યોલ્લાસપૂર્વક પ્રતિક્રમણ આદિ ક્રિયા-વિધિ કરવાથી અંતરાય કર્મનો ક્ષયોપશમ થાય છે.

## :: નામ કર્મ ::

**કર્મના ઉદયે જીવની સ્થિતિ :-** શરીરની ઊંચી-નીચી આકૃતિ, ન્યૂન-અધિક અંગોપાંગ, કાળો-નીલો વર્ણ, જાડું-પાતળું શરીર, આફ્રિકાના હબસી લોકો જેવો કાળો વર્ણ, કાગડા જેવો કર્કશ અવાજ, મરચાં જેવું તીખાપણું, ઠીંગણું શરીર, કુબડું શરીર, નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ મળે છે. વાંકી-ચૂંકી ચાલ, શરીર આગ જેવું ગરમ મળે. દુર્ગંધયુકત શરીર, સૂક્ષ્મ-સ્થાવર નિકાયમાં જન્મ, જીવ યોગ્ય પર્યાપ્તિઓ ન મળવી. ઘણો તડકો, ઠંડી, વરસાદ આદિ કષ્ટ

આવવા છતાં અન્ય સ્થાને ન જઈ શકે એવા સ્થાવર પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિ વૃક્ષ-છોડ આદિના જન્મ મળે. સારાં કાર્યો કરવા છતાં યશ ન મળે, અપયશ મળે. દુઃખ, દૌર્ભાગ્ય, ખરાબ સ્વર, અનાદેય અસ્થિરતા આદિ અશુભનામ કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. શરીરનો આકાર-પ્રકાર, રૂપ, રંગ, ગંધ, સ્પર્શ સારા મળવા, યશ-કીર્તિ, પ્રશંસા ચારેય દિશાઓમાં ફેલાય છે. કોયલ જેવો સુરીલો કંઠ મળે છે. સુખ, સૌભાગ્ય, આદેય, તર્ક યુક્તિ વગર બોલાયેલાં વચનોનો લોકો તર્ક કર્યા વગર સ્વીકાર કરે છે.

**કર્મ બંધાય તેવી પ્રવૃત્તિ :-** સરળ-નિષ્કપટી, નમ્ર, વિનયી, જીવદયાનું પાલન, પશુપ્રેમ, પક્ષીઓને દાન આપવાવાળા, રોગી-બીમારની સેવા કરવાવાળા, ગરીબો પ્રત્યે દયાવાળા, વડીલોની સેવા કરનાર, સંઘસેવક, સાધુ-સાધ્વીજીની સેવા કરવાવાળા, જૈનધર્મના અનુરાગી, ગુણીજનોના ગુણગાન કરવાવાળા, વિધિપૂર્વક-જયણાપૂર્વક જિનેશ્વર ભગવંતની પૂજા કરવાથી, માધ્યસ્થ ભાવનાનું ચિંતન કરવાથી, દશ પ્રકારના યતિધર્મનું પાલન કરવાથી, મનની સરળતાથી, વચનની ઋજુતા-મૃદુતાથી, કાયાની સારી ચેષ્ટાથી જીવ શુભનામ કર્મ બાંધે છે. ધન, તપ, ઐશ્વર્ય, જ્ઞાન આદિનું અભિમાન કરવાથી, ખાવા-પીવાના વિષયમાં ગર્વ કરવાથી, આરોગ્ય આદિનો ગર્વ કરવાથી જીવ અશુભનામ કર્મ બાંધે છે.

**કર્મનો ક્ષય થાય તેવી પ્રવૃત્તિ :-** નિરહંકાર ભાવથી તપ આદિ ધર્મ-આરાધના કરવાથી, ક્ષમા, સમતા, સરળતા, વિનય આદિ ગુણોને અનુરૂપ આચરણ કરવાથી, ગુણીના ગુણગાન કરવાથી, ઉન્માર્ગમાંથી સન્માર્ગમાં લાવવાનો પ્રયત્ન કરવાથી, દીન-દુઃખી ગરીબોની સેવા કરવાથી, સાધર્મિકભક્તિ કરવાથી, સ્વાધ્યાય, ધ્યાન, પ્રભુનું નામસ્મરણ કરવાથી, જિનમંદિરમાં દસત્રિકનું પાલન કરવા પૂર્વક પરમાત્માની પૂજા કરવાથી, દસ પ્રકારના યતિધર્મનું પાલન કરવાથી અશુભનામ કર્મનો ક્ષય થાય છે.

## :: વેદનીય કર્મ ::

**કર્મના ઉદયે જીવની સ્થિતિ :-** શાતાવેદનીય કર્મના ઉદયથી જીવ સુખ પ્રાપ્ત કરે છે. શરીર સુખકારી મળે છે. નીરોગી રહે છે. અશાતાવેદનીય કર્મના ઉદયે જીવ દુઃખ પ્રાપ્ત કરે છે. કાન, નાક, ગળાની બીમારીઓથી ત્રસ્ત રહે છે. શરદી-ખાંસીથી પરેશાન રહે છે. નરકગતિમાં ઉત્પન્ન થયેલો જીવ ઠંડી-ગરમી, ભૂખ-તરસ, ખરજવા, દાહ-જ્વર, પરાધીનતા, ભય, શોક વગેરે ભયંકર વેદના પ્રાપ્ત કરે છે. લકવાગ્રસ્ત બને છે, પેટમાં પીડા થાય છે, હૃદયરોગી બને છે. વિકલાંગ બનીને દુઃખ ભોગવવું પડે છે. પશુ બનીને માલિકના હાથે લાકડીથી માર ખાઈને પીટાવું પડે છે. બળદ કે ગધેડો બનીને બીજાનો ભાર ઊંચકવો પડે છે. કેન્સર જેવા અસાધ્ય રોગો ઘેરી લે છે. ડેન્ગ્યુ, ચિકનગુનિયા, કોઢ, વાયુનો પ્રકોપ, પિત્તના કારણે પેટમાં અતિશય બળતરા થવી, કફના કારણે દમ, શ્વાસની તકલીફ, કમળો, કિડનીના રોગ, કાનના અનેક રોગો, મળમાર્ગના રોગો, પીઠનો દુઃખાવો, ઘૂંટણ, ખભા, ગર્દન આદિનો દુઃખાવો થાય છે.

**કર્મ બંધાય તેવી પ્રવૃત્તિ :-** ગુરુભક્તિ, ક્ષમા, દયા, સુપાત્રદાન એટલે કે સાધુ-સાધ્વીજી ભગવંતોને વહોરાવવું, વ્રત, સાધર્મિકભક્તિ, અપરાધી ઉપર પણ ગુસ્સો નહીં કરવાથી, દીન-દુઃખી ગરીબોને સહાયતા કરવાથી, દૃઢતાપૂર્વક ધર્મનું પાલન કરવાથી, ભગવાનની પૂજા કરવાથી, જીવદયા, અનુકંપા, ક્ષમા-શીલ-સદાચારનું પાલન કરવાથી, સંયમ અને સંયમી મહાત્માઓ પ્રત્યે આદર-સત્કાર રાખવાથી, સજ્જનોને ઉપદેશ આપવાથી, તરસ્યાને પાણી અને ભૂખ્યાને અન્ન આપવાથી શાતાવેદનીય કર્મ બંધાય છે અને જીવોની હિંસા કરવાથી, ત્રાસ-પીડા આપવાથી, વ્રતભંગ કરવાથી, પશુવધ કરવાથી, પશુ, નોકર-ચાકર, દાસ-દાસીના અંગોપાંગ છેદવાથી, કોઈની ચાડી ખાવાથી અશાતાવેદનીય કર્મ બંધાય છે.

**કર્મનો ક્ષય થાય તેવી પ્રવૃત્તિ :-** જયણાપૂર્વક ખાવું, પીવું, ઊંઘવું, જાગવું, બેસવું આદિ ક્રિયાઓ કરવાથી, દુઃખીનાં દુઃખો દૂર કરવાથી, દીન-દુઃખી, અસહાયની અનુકંપા કરવાથી, જીવદયાનું વધુ ને વધુ પાલન કરવાથી, દેવ-ગુરુની સેવા, વિનય અને વૈયાવચ્ચ કરવાથી, નોકર આદિની સાથે પણ મૃદુતાપૂર્ણ વ્યવહાર કરવાથી, ગાય આદિ પ્રાણીઓને અભયદાન આપવાથી, સુપાત્ર દાન કરવાથી, ક્ષમા-શીલ-સદાચારનું પાલન કરવાથી અશાતાવેદનીય કર્મનો ક્ષય થાય છે.

## :: આયુષ્ય કર્મ ::

**કર્મના ઉદયે જીવની સ્થિતિ :-** મનુષ્યગતિનો મનુષ્ય નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિનું આયુષ્ય બાંધે છે. એ જ પ્રમાણે તિર્યંચગતિના પશુ-પક્ષી પણ નરક આદિ ચારેય ગતિનું આયુષ્ય બાંધી શકે છે અને આયુષ્ય કર્મ ઉદયમાં આવ્યે તે તે ગતિમાં ઉત્પન્ન થાય છે. દેવગતિના દેવો ફક્ત બે જ ગતિનું આયુષ્ય બાંધી શકે છે અને મનુષ્ય તેમજ તિર્યંચગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. એ જ પ્રમાણે નરકગતિના જીવો પણ મનુષ્ય અને તિર્યંચગતિનું જ આયુષ્ય બાંધીને તે જ બે ગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. આયુષ્યકર્મ ફક્ત એક જ ભવનું બાંધી શકાય છે અને એક જ ભવમાં પૂર્ણ થઈ જાય છે. નવા ભવ માટે નવું આયુષ્યકર્મ બાંધવું પડે છે. જેમ જ્ઞાનાવરણીય વગેરે કર્મનો ઉદય સો ભવ પછી પણ થઈ શકે છે પરંતુ આયુષ્યકર્મનું તેવું નથી. એક એક જન્મનું બંધાય છે અને એક જન્મમાં પૂર્ણ પણ થઈ જાય છે.

**કર્મ બંધાય તેવી પ્રવૃત્તિ :-** મહાઆરંભ અને પરિગ્રહ કરવાવાળા, રૌદ્રધ્યાન કરવાવાળા તથા પંચેન્દ્રિય જીવોની હિંસા કરવાવાળા જીવ, મિથ્યાત્વી જીવ, જૈનમુનિની હત્યા કરવાવાળા તથા કરાવવાવાળા, રાત્રિ ભોજન કરવાવાળા, અતિ માની, અતિ લોભી, અત્યંત કામવાસનાથી યુક્ત જીવ નરકનું આયુષ્ય બાંધે છે. ધનની મૂર્છા કરવાથી, આળસુ, ખાવામાં આસક્ત, શીલનું ખંડન કરવાથી, બીજાને ઠગવાથી, શીલભ્રષ્ટ, કુકર્મની વાતો કરવાવાળા તિર્યંચનું

આયુષ્ય બાંધે છે. મંદ કષાયવાળા, દાનમાં રુચિવાળા, નિરંતર શાસ્ત્રોનો અભ્યાસ કરવાવાળા, ન્યાયપૂર્વક ધન ઉપાર્જન કરવાવાળા, પરોપકારી, ભદ્રપરિણામી, મુનિને દાન આપવાવાળા મનુષ્યનું આયુષ્ય બાંધે છે. બાલતપ, અકામ નિર્જરા કરવાવાળા, ગુણીજનોનું આદર-સન્માન, બહુમાન કરવાવાળા, જીવો ઉપર અનુકંપા કરવાવાળા દેવનું આયુષ્ય બાંધે છે.

**કર્મનો ક્ષય થાય તેવી પ્રવૃત્તિ :-** આયુષ્યકર્મનો ક્ષય તો ભોગવવાથી થાય છે. એક વાર આયુષ્ય બાંધ્યા પછી એને ભોગવવું જ પડે છે. દુઃખથી ત્રસ્ત થઈને, આપત્તિ-વિપત્તિથી ગભરાઈને આત્મહત્યા કરવી પણ બરાબર નથી. આત્મહત્યા કરવા માત્રથી કર્મનો નાશ નથી થતો પરંતુ પરભવ બગડે છે. પુરુષાર્થ કરવા છતાં ઈચ્છાઓ પૂર્ણ ન થવા પર નિરાશ થઈને આત્મહત્યા કરવાથી ભૂત-પ્રેતની યોનિમાં જન્મ મળવાથી ઓછામાં ઓછા ૧૦૦૦૦ વર્ષનું દુઃખ ભોગવવું પડે છે.

## :: ગોત્ર કર્મ ::

**કર્મના ઉદયે જીવની સ્થિતિ :-** જ્યાં સામૂહિકરૂપથી પાપ કરવાની અનુકૂળતા હોય તેને નીચ કુલ કહેવાય છે. જેમ કે હરિજન, ચમાર આદિ કુળમાં જન્મ મળવો. દારૂ, માંસ, જુગાર આ બધા વ્યસનો જ્યાં સામાન્ય લાગતાં હોય તેવા કુળમાં જન્મ મળવો. દેવલોકમાં પણ કિલ્વીષિક વગેરે દેવો નીચગોત્રના ઉદયવાળા હોય છે. તિર્યંચગતિમાં ગધેડા, ભૂંડ આદિ એકેન્દ્રિય જાતિમાં કાળો પત્થર, કોલસો, લોઢું આદિ નીચગોત્રવાળા હોય છે. નીચગોત્રનું કામ આત્માને લોકમાં નિંદનીય રૂપ, શ્રુત, જાતિ, કુલ આદિ પ્રાપ્ત કરાવવાનું છે. આનાથી વિરુદ્ધ લોકમાં પૂજ્ય, ઉત્તમરૂપ આદિ પ્રાપ્ત કરાવવાનું કામ ઉચ્ચગોત્રનું છે. ઉચ્ચગોત્ર કર્મના ઉદયથી ઉચ્ચ જાતિ આદિ મળે છે. દેવોમાં ઈન્દ્ર, સામાનિક આદિ, તિર્યંચગતિમાં ગાય, બળદ, હાથી આદિ, પક્ષીઓમાં હંસ, પોપટ,

મોર, કોયલ આદિ ઉચ્ચગોત્રવાળા છે. એકેન્દ્રિય જાતિમાં હીરા, મોતી, સોનું, ચાંદી, રત્ન, મણિ આદિ અને અપકાયમાં ગંગા, જમના આદિનું પાણી ઉચ્ચગોત્રના ઉદયવાળું છે.

**કર્મ બંધાય તેવી પ્રવૃત્તિ :-** પ્રભુની પૂજા કરવાથી, જ્ઞાનીગુરુની સેવા-વૈયાવચ્ચ કરવાથી, જિનધર્મની આરાધના કરવાથી, અણુવ્રત ધારણ કરવાથી, ઉપવાસ આદિ તપ કરવાથી, મદ-અભિમાન રહિત રહેવાથી, ગુણગ્રાહી બનવાથી, જિનાગમ ભણવા-ભણાવવાથી, જિનાગમની આશાતના ટાળવાથી, ભવ આલોચના લઈને પ્રાયશ્ચિત્ત કરવાથી ઉચ્ચગોત્ર કર્મ બંધાય છે. બીજાની નિંદા અને પોતાની પ્રશંસા કરવાથી, મુનિના મેલા વસ્ત્ર આદિ જોઈને દુર્ગંછા કરવાથી, ધોતિયું પહેરીને પૂજા વગેરે કરવા જતા ભક્તોની મજાક કરવાથી, ધર્મના સિદ્ધાંતોની હાંસી ઉડાવવાથી, બીજાના ગુણો છુપાવવાથી, કહેવાનો પ્રસંગ હોવા છતાં દ્વેષથી બીજાના ગુણો ન કહેવાથી, જાતિ, કુળ આદિનું અભિમાન કરવાથી, ગુરુજનોનું અપમાન કરવાથી, ખોટું દોષારોપણ કરવાથી, સહધર્મી ઉપર આરોપ-આક્ષેપ કરવાથી નીચગોત્ર કર્મ બંધાય છે.

**કર્મનો ક્ષય થાય તેવી પ્રવૃત્તિ :-** બીજાનાં જ્ઞાન, ધ્યાન, તપ, શીલ, ધર્મ, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મ ક્રિયાની અનુમોદના કરવાથી, ક્ષમા, સમતા, સરળતા, દયા, દાન આદિની પ્રશંસા કરવાથી, ઉત્તમ પુષ્પોથી પરમાત્માની પૂજા કરવાથી, સમ્યકત્વ સહિત બાર વ્રતોનું પાલન કરવાથી, જ્ઞાની ગુરુભગવંતોની સેવા-વૈયાવચ્ચ કરવાથી, પ્રભુની આજ્ઞા અનુસાર ધર્મનું પાલન કરવાથી અને પોતાના દોષો-દુર્ગુણોની નિંદા-આલોચના કરવાથી ગોત્ર કર્મનો ક્ષય થાય છે.

## :: અષ્ટપ્રકારી પૂજાથી આઠ કર્મનો ક્ષય ::

અનાદિકાલીન આત્માનો એક ગુણ છે જ્ઞાન.... જ્ઞાનમય છે આત્મા.... અર્થાત્ આત્મા અને જ્ઞાનગુણ અભિન્ન સ્વરૂપે છે. ગુણ-ગુણથી

કયારેય અલગ પડતો જ નથી. જ્ઞાનગુણ વગરના આત્માની કલ્પના જ અસ્થાને છે.

જ્ઞાનગુણથી વિપરીત આચરણ કર્મબંધનું કારણ બને છે. કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ આત્માના જ્ઞાનગુણને આચ્છાદિત કરે છે. જ્ઞાનગુણ પર આવેલું આવરણ તેનું નામ છે જ્ઞાનાવરણીય કર્મ.

## ૧. જ્ઞાનાવરણીય કર્મ :-

આત્મા અને કર્મનો સંબંધ અનાદિ, અનંતકાલીન છે. આ અનાદિ-અનંતકાલીન ગાઢ મિત્રતાને તોડવા જે પુરુષાર્થ કરવામાં આવે તેનું નામ છે ધર્મ. ધર્મના અનેક પ્રકારો છે. તેમાં સૌથી સહેલો અને સુગમ લાગતો ધર્મ એટલે નિરંજન-નિરાકાર-વિતરાગી-કર્મમુક્ત ભગવાન પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરવા રૂપ પૂજા ધર્મ....!

મુખ્ય રૂપે પૂજા બે પ્રકારે કરવામાં આવે છે. (૧) દ્રવ્ય, (૨) ભાવ. દ્રવ્ય પૂજાના બે પ્રકાર. (૧) અંગ ને (૨) અગ્રપૂજા.... અંગપૂજા – અર્થાત્ દેવાધિદેવ પરમાત્માના અંગને સ્પર્શ કરીને કરવામાં આવતી પૂજા તે અંગ પૂજા. અંગ પૂજાના ત્રણ પ્રકાર છે. (૧) જલપૂજા, (૨) ચંદનપૂજા, (૩) પુષ્પપૂજા. અગ્રપૂજા દેવાધિદેવ પરમાત્માની આગળ સમક્ષ ઊભા રહીને કરવામાં આવતી પૂજા તે અગ્રપૂજા.

**અગ્રપૂજા :**

ધૂપપૂજા, દીપકપૂજા, અક્ષતપૂજા, નૈવેદ્ય પૂજા, ફળપૂજા.

**આ રીતે અંગ પૂજા-૩ અને અગ્રપૂજા-૫** એમ કુલ આઠ પ્રકારની **પૂજા, પ્રતિદિનના શ્રાવક કર્તવ્યમાં** સ્થાન પામી છે.

**સૌથી પહેલી જલપૂજાથી સૌથી** પહેલા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કેવી રીતે થાય ?

પ્રશ્નના ઉત્તરને સમજીએ....

**જળપૂજાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય :-**

**જ્ઞાન કળશ ભરી આત્મા, સમતા રસ ભરપૂર....!**
**શ્રીજિનને નવરાવતા, કર્મ થાયે ચકચૂર.**

જ્ઞાનરૂપી કળશમાં સમતારૂપી રસ ભરીને આત્મા જિનેશ્વર ભગવાનની જલપૂજા કરે છે. તેના કર્મ ખપે છે.

**જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ,**
**જલપૂજા ફલ મુજ હજો, માંગું એમ પ્રભુ પાસ.**

જલ-પાણી-શુદ્ધિનું સર્વશ્રેષ્ઠ સાધન જેમ પાણીથી બાહ્ય ચીજવસ્તુ અને શરીરના અંગોપાંગની શુદ્ધિ થઈ શકે છે. તેમ કેવલજ્ઞાની સર્વજ્ઞ-સ્વચ્છ-નિર્મલ-પવિત્રાતિપવિત્ર એવા જિનેશ્વર ભગવંતોનો પ્રક્ષાલ-જલપૂજા કરતાં આપણા આત્મામાં રહેલા અનાદિકાલીન જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય ને આપણે પણ સર્વજ્ઞ-કેવળજ્ઞાની બની શકીએ.

જલ-બાહ્ય શુદ્ધિનું સાધન છે, તો જ્ઞાનગુણ આંતરિક શુદ્ધિનું પ્રબળ સાધન છે. ક્રોધાદિ કષાયોના દમન માટે જ્ઞાનની પૂર્ણ આવશ્યકતા છે. જ્ઞાન વગર વિચારોમાં પરિવર્તન સંભવ નથી. જ્ઞાનથી વૃત્તિમાં નહીં મનોવૃત્તિમાં પરિવર્તન સંભવ છે.

અનાદિ કાળથી તીર્થંકર ભગવંતનો આત્મા પણ જ્ઞાનાવરણીય કર્મગ્રસ્ત હતો. પ્રબળ પુરુષાર્થથી તેઓ જ્ઞાનાવરણીય કર્મમુક્ત થઈ શક્યા. તેવા પ્રભુનો અભિષેક કરતાં આપણે પણ જ્ઞાનાવરણીય કર્મથી મુકત બની શકીએ.

**૨. ચંદનપૂજાથી દર્શનાવરણીય કર્મનો ક્ષય :-**

**ચંદનપૂજા : શીતલ ગુણ જેમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ,**
**આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ.**

બાહ્ય શીતળતાનો ભંડાર એટલે ચંદન અને આંતરિક શીતળતાનો ભંડાર એટલે તીર્થંકર ભગવંતો. આવા પરમ શીતલ પ્રભુની ચંદનપૂજા દ્વારા

આપણા આત્મા પર લાગેલા કષાયોને દૂર હટાવી આપણે પણ પરમ શીતળતાનો અનુભવ કરી શકીએ. કષાય રહિત શાશ્વત શીતળતા પ્રભુના અંગે અંગમાં પ્રસરેલી છે તેથી તેવા અંગોના સ્પર્શમાત્રથી અને ચંદન દ્વારા અંગ વિલેપન કરવાથી આપણા આત્માને પણ શીતળતાનો અનુભવ થાય છે.

દર્શનાવરણીય કર્મના ઉદયે પાંચ પ્રકારની નિંદ્રાનો ઉદય સતત રહેતો હોય છે. જો મનુષ્યનું આવું ઉત્તમ કુળ પામીને આળસમાં પડ્યા રહેવાથી કર્મનો બંધ થાય છે. આળસ છોડી પ્રભુની ચંદન પૂજા કરી દર્શનાવરણીય કર્મથી હંમેશાં માટે મુક્તિ મેળવવી જોઈએ.

**૩. પુષ્પ પૂજાથી વેદનીય કર્મનો ક્ષય :-**

**ફૂલપૂજા : સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ,**
**સુમજંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ.**

મારી તકલીફ તાપ-સંતાપનું મુખ્ય કારણ છે – વેદનીય કર્મ....૧
આત્માના અનંત અવ્યાબાધ સુખ ગુણને ઢાંકનાર છે – વેદનીય કર્મ....!

આત્મવત્ સર્વ ભૂતેષુ અર્થાત્ દ્રવ્ય સ્વરૂપે બધા જ આત્માઓ એક જેવા – એક સમાન છે. માટે આપણને સ્વયંને દુઃખ-ત્રાસ-પીડા પસંદ નથી તેમ બીજા જીવોને પણ દુઃખ આદિ પસંદ નથી હોતાં.

બીજા જીવોને આપણે ત્રાસ-પીડા-દુઃખ-ઉદ્વેગ, પરિતાપ-સંતાપ-કિલામણા આપીને બાંધેલા વેદનીય કર્મના ઉદયે આપણે પણ તેવી જ વેદના સહન કરવી પડે છે. માટે વેદનીય કર્મથી બચવા માટે સુકોમળ-નરમ અને સુગંધિત પુષ્પનો સહારો લેવો અત્યંત જરૂરી છે.

જેમ કે પુષ્પને હાથમાં લઈ ચૂંથી નાખવામાં આવે તો પણ તે ચૂંથનારના હાથને સુગંધથી ભરે છે. તેમ અરિહંત પરમાત્માને પણ ઘણાં લોકો ઉપસર્ગ, મરણાંત ઉપસર્ગો કરવા આવ્યા છતાં પણ પ્રભુએ કોઈનો પણ પ્રતિકાર નથી કર્યો અને ઉપરથી તેમનું પણ કલ્યાણ થાય તેવી ઉચ્ચ ભાવના રાખી.

વેદના આપનાર પણ હંમેશાં માટે વેદના રહિત બને તેવી ભાવના સાથે કરુણા સાગર પ્રભુએ પોતાના વેદનીય કર્મને ખપાવ્યું છે તેથી તેમની પુષ્પપૂજા કરવાથી આપણે પણ કોક દિવસ વેદનીય કર્મ રહિત બની શકીએ.

**૪. ધૂપપૂજાથી મોહનીય કર્મનો ક્ષય :-**

**ધ્યાન ઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ,**
**મિચ્છત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ.**

મિથ્યાદિ તથા મિથ્યાત્વ તથા અનેક દુર્ગુણોરૂપી દુર્ગંધથી આપણો આત્મા અનંતકાળથી દુઃખમય સંસારમાં જન્મમરણ કરી રહ્યો છે. આ જન્મ-મરણના ચક્કરમાં કર્મના ભારથી દબાયેલો આત્મા માથું પણ ઊંચકી શકતો નથી. અત્યંત ભારથી ત્રસ્ત એવા પશુની જેમ માથું નીચું રાખી અનંતકાળથી આ સંસારમાં ભટકી રહ્યો છે અને દુઃખી દુઃખી થઈ રહ્યો છે. તેને ક્યાં જરાય આરામ વિસામો મળતો નથી. ઊંચું જોવાની પણ હિંમત હારી ગયેલો લાગે છે.

આત્મા અને કર્મ બંનેના અનાદિ સંયોગથી સંસાર વધે છે – ચાલે છે – બગડે પણ છે.

આત્મા + કર્મ = સંસાર તેમ,
સુગંધી પદાર્થ + કોલસાનો ભુક્કો = અગરબત્તી-ધૂપ....

આત્મામાં અનંત ગુણોની સુગંધ હોવા છતાં મિથ્યાત્વ આદિ અનેક દુર્ગણો રૂપ કર્મની દુર્ગંધથી દબાયેલી છે. સુખડ આદિ સ્વયં સુગંધી પદાર્થ હોવા છતાં કાળા કોલસાના સંયોગે સુખડે પોતાની સુગંધાદિ ખોઈ નાખ્યા છે.

હવે અગરબત્તીને આગના સંયોગે જલાવવામાં આવે તો રાખ અને ધુમાડો બંને છૂટાં પડે. ધુમાડામાં સુગંધ છે, રાખમાં સુગંધ નથી. ધુમાડો વજનમાં હલકો ફૂલ છે, રાખ ભારે છે માટે નીચે પડે છે અને ધુમાડો ઉપર આકાશમાં ઊર્ધ્વગતિને પામે છે. તેમ આત્માને અનાદિકાલીન કર્મથી મુક્ત કરાવવો હોય તો તપગુણથી તપાવવો જોઈએ. તપગુણથી તપાવેલા આત્મામાંથી મિથ્યાત્વમોહનીય આદિ દુર્ગંધ દૂર થશે. આમ પ્રભુની ધૂપપૂજાના ઉચ્ચતમ

ભાવથી આત્મા સુગંધી બને છે. ચિત્ત આહ્‌લાદક થાય છે અને પ્રસન્નતાનો અનુભવ કરે છે.

અરિહંત પરમાત્મા છે પણ અનાદિકાલીન મિથ્યાત્વ મોહનીય કર્મની દુર્ગંધથી મુક્ત છે. માટે તેવા પરમ સુગંધી પરમાત્માની ધૂપપૂજા કરવાથી આપણી પણ મિથ્યાત્વની દુર્ગંધ દૂર થાય છે અને આત્માનું સાચું સ્વરૂપ ગુણોથી સુગંધી સ્વરૂપ પ્રગટ થાય છે.

તેમ જિનેશ્વરદેવની ધૂપપૂજામાં કર્મ રૂપી કાષ્ટ-લાકડાને બાળવા માટે ધ્યાન રૂપી અગ્નિમાં શુભ ભાવના રૂપી ધૂપ પડવાથી ગુણ રૂપી સુગંધ પ્રગટે છે અને આત્મા મોહનીયાદિ કર્મના ભારથી મુક્ત થઈ હળવો બનીને ઊર્ધ્વગતિને પ્રાપ્ત કરે છે.

**૫. દીપક પૂજાથી આયુષ્ય કર્મનો ક્ષય :-**

**દીપકપૂજા : દ્રવ્ય દીપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક,**
**ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકા લોક...**

આત્માના અનંતા ગુણોમાં એક ગુણ છે અક્ષયસ્થિતિ. આત્મા અક્ષયસ્થિતિ ગુણનો ધણી હોવા છતાં સંસારમાં જન્મ-મરણના ચક્રમાં ફસાઈ અને અસ્થિર થયો છે. દ્રવ્ય સ્વરૂપથી અક્ષય-નષ્ટ ન થવાના સ્વભાવવાળો આત્મા પર્યાય સ્વરૂપે ક્ષય-નાશને પામે છે. પર્યાય ઉત્પન્ન થાય છે અને પર્યાય નષ્ટ થાય છે પણ તે પર્યાયને ધારણ કરનાર આત્મા હોવાથી વ્યવહાર આત્માનો થાય છે. જેમકે જન્મ થતાં જીવનો જન્મ થયો અને મરણ થતાં જીવ ગયો એવો વ્યવહાર આપણે કરીએ છીએ.

અસ્થિર પર્યાયોના ચક્કરથી સર્વથા મુક્ત બની સ્થિર પર્યાય પ્રાપ્ત કરનાર અરિહંત પરમાત્માની દીપકપૂજા કરતાં આપણે પણ આવા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે કે હે જીવ ! તું તારા દ્રવ્યનું જ્ઞાન અને ભાવ કર, તારું અસ્થિર પર્યાયનું સ્વરૂપ નથી, તું તો અક્ષયસ્થિતિનો ગુણ ધરાવે છે. આ અસ્થિર પર્યાયમાં અનાદિ કાળથી રાગ-દ્વેષ કરી ઘણાં કર્મો બાંધ્યા, અનંતી

પર્યાયો ધારણ કરી, અનંતા જન્મો કર્યા. હવે તો આવા પ્રકારની અસ્થિરતાથી કંટાળ, હે અક્ષય ! જેમ જિનેશ્વર પરમાત્મા પર્યાયોના બદલાવથી બદલાઈને હવે કયારેય ન બદલાય તેવી સ્થિર પર્યાયમાં સ્થિર થઈ શક્યા છે, તેમ તું પણ અસ્થિર પર્યાયના વિષચક્રથી મુક્ત થઈ અનંતકાળ સુધી સ્થિર રહેવાવાળી સ્થિર પર્યાય-મોક્ષને પામ.

આવા પ્રકારનું બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રભુની દીપકપૂજા કરવાની છે. જેમ દીપક પ્રગટ થતાં પ્રકાશ થાય છે અને વસ્તુદર્શન તથા વ્યક્તિદર્શન પ્રાપ્ત થાય છે તેમજ આત્મગુણોનું જ્ઞાન પ્રાપ્ત કરી પોતાના અસલી દ્રવ્ય સ્વરૂપના દર્શન દ્વારા આપણું કર્મથી મુક્ત થવું એવું લક્ષ્ય બને ત્યારે જ આયુષ્ય કર્મથી બચાશે.

આમ આયુષ્ય કર્મના ઉદયે થતાં જન્મ-મરણથી મુક્ત થઈ મોક્ષ-સ્થિર પર્યાય પ્રાપ્ત કરવા દીપકપૂજા અનિવાર્ય છે.

**૬. અક્ષત પૂજાથી નામ કર્મનો ક્ષય :-**

**અક્ષત : શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાલ,**
**પુરી પ્રભુ સન્મુખ રહો, ટાલી સકલ જંજાલ.**

અનામી અરૂપી એવા આત્માને નામી રૂપી બનાવનાર છે નામકર્મ. આ નામકર્મ ૧૦૩ પ્રકૃતિવાળું છે. તેના મુખ્ય બે ભેદ છે. (૧) શુભનામકર્મ, (૨) અશુભનામકર્મ.

પાણીના પરપોટા જેવા ચંચળ અને અસ્થિર શરીરની લાલસા અને પાલનપોષણમાં અમૂલ્ય માનવભવ ગુમાવીને સંસાર સાગરમાં અનંત કાળથી રખડી રહેલા અનામી-અરૂપી એવા આત્માને નામ અને રૂપ-રંગથી યુક્ત બનાવી દીધો. અનેક પ્રકારના રૂપ-રંગ, ગંધ, રસ, સ્પર્શાદિથી યુક્ત પુદ્ગલ પરમાણુથી નિર્મિત શરીર આદિના રાગે અનંતા ભવોથી કર્મો બાંધતો જીવ પોતાનું અનામી-અરૂપીપણું જ વિસરી ગયો છે. તેની યાદ તાજી થાય અને હું પણ નામી-રૂપીમાંથી અનામી-અરૂપી બની શકું છું તેવું ભાન અને જ્ઞાન થાય

તે માટે અનામી-અરૂપી જિનેશ્વર પરમાત્માની અક્ષત પૂજા કરવામાં આવે છે.

અક્ષત અર્થાત્ જે કયારેય ક્ષય પામતા નથી મતલબ ઉગાડવા છતાં પણ ઊગતાં નથી તેવા ચાવલ-ચોખાનું બીજું નામ છે અક્ષત.

કર્મગ્રસ્ત અવસ્થાથી સર્વથા-સંપૂર્ણ અને સર્વાંશ મુકત થનાર આત્મા મોક્ષમાં જે સ્થિતિ પ્રાપ્ત કરે છે તે સ્થિતિ અનંતકાળ સુધી તેની તે જ રહે છે. તેમાં કોઈ પરિવર્તન આવતું નથી. આવી સ્થિતિમાં આત્મા નામરૂપ, તેથી પણ મુક્ત થાય છે. અર્થાત્ નામ કર્મથી પણ સર્વથા મુક્ત થાય છે.

કેવળી-સર્વજ્ઞ-સર્વદર્શની બનનાર પ્રત્યેક સાધકે સૌ પ્રથમ મોહનીય કર્મનો ક્ષય કરી વીતરાગદશા પ્રાપ્ત કરવી પડે છે. ત્યાર પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો સર્વથા ક્ષય થતાં અરિહંતાદિ પ્રત્યેક સાધક આત્મા વીતરાગી અનામી-અરૂપીપણું પ્રાપ્ત કરે છે. આવા પ્રભુની અક્ષતપૂજા કરીને આપણે પણ અનામી અરૂપી બનીએ.

**૭. નૈવેદ્ય પૂજાથી ગોત્રકર્મનો ક્ષય :-**

**નૈવેદ્ય પૂજા : અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઈ અનંત,**
**દૂર કરી તે દીજીએ, અણાહારી શિવ સંત.**

સમસ્ત સંસારમાં અનન્તાનન્ત પુદ્ગલ પરમાણુઓ ઠાંસી ઠાંસીને ભરાયેલા છે. આ પુદ્ગલ પરમાણુઓની જુદી જુદી પર્યાયો જીવના ઉપભોગમાં આવે છે. આજે વર્તમાનમાં એક પણ પુદ્ગલ એવા નથી કે જેનો આપણે ભૂતકાળમાં ઉપભોગ ન કર્યો હોય. અર્થાત્ અનંત જીવોએ જેનો ઉપભોગ કરીને એઠાં કરીને છોડેલા પુદ્ગલોનો આજે આપણે, ભોગવટો કરી રહ્યાં છીએ, તાજા અને વણવપરાયેલાં કોઈ પુદ્ગલ પરમાણુઓ બચ્યા જ નથી. માટે એંઠ રૂપે ઉછિષ્ટ જેવા રૂપાંતર પામેલા પુદ્ગલોમાં આપણે આજે આનંદ માણી રહ્યા છીએ.

શરીરના પણ અનંતા આકાર પ્રકારો પ્રાપ્ત કરી છોડી દીધેલા છે. આ શરીર આવ્યું કે તેની પાછળ આહાર-વિહારની મોટી રામાયણ સર્જાય છે.

શરીર નિર્માણ માટે કોઈ જાતપાતના ભેદો પણ રચાય છે. ઊંચનીચના ભેદોની પાછળ પાગલ બનેલો જીવ પોતાનો અગુરુલઘુ નામનો ગુણ જ ભૂલી ગયો છે. જેમ આહારમાં રતિ-અરતિ, પસંદ-નાપસંદના ભેદો આવે છે તેમ કુળ, વંશ, ખાનદાની આદિમાં પણ ઊંચ અને નીચના ભેદો નિર્માણ થાય છે.

આવા ભેદભાવોને દૂર કરી અણાહારી પદની પ્રાપ્તિ કરવી હોય તો અગુરુ-લઘુ ગુણની પ્રાપ્તિ કરાવનાર પ્રભુની નૈવેદ્યપૂજા ભાવથી કરવી જોઈએ.

જેમ શ્રી અરિહંત જિનેશ્વર દેવો આહાર-શરીરાદિની મૂર્છાનો સર્વથા, સંપૂર્ણ અને સર્વાંશે ત્યાગ કરી અણાહારી અને અવેદી પદને પામ્યા છે, તેમ નૈવેદ્ય વડે શ્રી જિનેશ્વરદેવની પૂજા કરનારો જીવ પણ અણાહારી અને નિર્વેદી તથા ઊંચ-નીચના ભેદો ભૂલી અગુરુ-લઘુ ગુણને પ્રાપ્ત કરી શકે છે.

**૮. ફળપૂજાથી અંતરાય કર્મનો ક્ષય :-**

**ફળપૂજા :** **ઈન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ,**
**પુરુષોત્તમ પૂજા કરી, માગે શિવ ફળ ત્યાગ.**

જેમ કિંપાક ફળના સ્વાદમાં લાલચુ બનેલા માણસો તેના ભોગને અંતે મરણને શરણ થાય છે તેમ... પુન્ય યોગે મળેલા દેવ, દેવેન્દ્ર કે રાજા-ચક્રવર્તી કે મોટી સત્તાના પદને ભોગવતા વિવેક ન રાખતા આવા સુખો પણ અંતે તો કિંપાક ફળ જેવાં જ ઝેરીલાં પરિણામો આપે છે અને દુર્ગતિમાં ધકેલી દે છે. પુન્યના ઉદયે મળેલા સુખનાં સાધનો લાભાંતરાય કર્મના ઉદયે ભોગવવા નથી મળતા. બદામ-પીસ્તા-કાજુ અને દ્રાક્ષ જેવા ઉત્તમ ડ્રાયફ્રુટ ખાઈ શકે તેવું પુન્ય હોવા છતાં અંતરાય કર્મના તીવ્ર ઉદયે તમાકું, ગુટખા અને બીડી-સિગારેટ પીવાથી દુર્બુદ્ધિ જાગે છે અને ઉત્તમ વસ્તુથી પ્રોટીન આદિથી શરીર સ્વસ્થ રાખી શકાતું હોવો છતાં પણ કેન્સર આદિની જીવલેણ બીમારીઓના ભોગે કમોતે રિબાઈ રિબાઈને મરવું પડે છે. ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મના ઉદયે ભોગોપભોગની સામગ્રી પ્રાપ્ત થઈ હોવા છતાં પણ તેનો ભોગવટો કરી ન શકનારા જીવો દુઃખી દુઃખી થાય છે. વીર્યાંતરાય કર્મના ભારી ઉદયે જીવન

જીવવામાં જ ઉત્સાહ નથી રહેતો માટે આત્મહત્યાના વિચારો આવે. નિરાશા અને કંટાળાજનક જીવન મરવાના વાંકે પરાણે-પરાણે પૂરું કરવું પડતું હોય છે.

આવા મહાભયંકર વિઘ્નકારક અંતરાય કર્મને દૂર કરવા જ્ઞાની ભગવંતોએ ભગવાનની ફળપૂજા કરવાનું વિધાન કર્યું છે. મીઠા-મધુરાં અને સ્વાદિષ્ટ ફળ પ્રભુ સમક્ષ અર્પણ કરવા રૂપ પૂજાથી મોક્ષસુખની ફલપ્રાપ્તિમાં વિઘ્ન રૂપ અંતરાય કર્મનો ક્ષય થાય છે. અષ્ટ પ્રકારી પૂજા કરવા માત્રથી આઠે-આઠ કર્મનો ક્ષય થઈ શકે છે, માટે ખાસ પ્રભુપૂજા ભાવથી કરવી જરૂરી છે.

## :: અરિહંતોના આઠ પ્રાતિહાર્યોના ધ્યાનથી આઠ કર્મનો ક્ષય ::

**અશોકવૃક્ષ : સુરપુષ્પવૃષ્ટિં દિવ્યધ્વનિશ્ચામરમાસનં ચ ।**
**ભામંડલં દુન્દુભિરાતપત્રં સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણામ્ ॥**

પ્રાતિહાર્ય-પ્રતિહારિ-ચોકીદાર જેમ રાજા-મહારાજાઓ સાથે તેમનો રસાલો ચાલતો હોય છે, તેમ તીર્થંકર પરમાત્મા જે ક્ષેત્રમાં, જે કાળમાં જ્યાં જ્યાં વિચરતા હોય ત્યાં ત્યાં તે ક્ષેત્રોમાં પ્રભુની સાથે જ આઠેય પ્રાતિહાર્યો રહે છે.

અરિહંત પરમાત્મા જ્યાં જ્યાં સમવસરે અથવા વિહાર કરે છે, ત્યાં ત્યાં દેવલોકના દેવતાઓ ભક્તિના ભાવથી ભરેલા હૃદયે, પ્રભુની ઠકુરાઈને ત્રણ લોકના કોઈ, દેવીદેવતાઓ પહોંચી શકે તેમ નથી. આવો પ્રત્યક્ષ દર્શીઓને અનુભવ થાય તે માટે પ્રભુની કાયાથી બાર ગણું વિસ્તારવાળું, શોકને દૂર કરનાર અશોકવૃક્ષ, મઘમઘતા સુગંધી અને રંગબેરંગી પુષ્પોની વૃષ્ટિ, પ્રભુની દેશના અસરકારક બને, સાંભળનારના ભાવોને ઊંચે અને ઊંચે ચઢાવે તેવું મનોહર રૂપ ધારણ કરે એ માટે સ્વરની પૂર્તિ, ભગવાનને વીંઝવા માટે રત્નજડિત શ્વેત ચામરો, ભગવાનને બિરાજમાન થવા સુવર્ણમય સિંહાસન, પ્રભુના મુખને સૌમ્ય બનાવવા મસ્તકની પૂંઠે-પાછળ એક આભા મંડલ, ભામંડલ અને પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્ર અને આકાશમાં દુંદુભિ વાજિંત્ર રચે છે. આવા ઉત્તમોત્તમ

પ્રાતિહાર્યોનું ધ્યાન કરતી વેળા આપણા ભાવો કેવા હોવા જોઈએ અને કેવી ભાવના ભાવવી જોઈએ જેથી એક એક પ્રાતિહાર્યનું ધ્યાન કર્મક્ષયમાં સહાયભૂત બને. તેનું વર્ણન આગળ વાંચો....

પૂર્વના ત્રીજા ભવમાં 'સવિજીવ કરું શાસન રસી' ની સર્વોત્તમ ભાવના દ્વારા ''તીર્થંકરનામ કર્મ'' ઉપાર્જન કર્યું તેના પ્રભાવે, પ્રતાપે અને ઉદયે વર્તમાનકાળમાં તીર્થંકર પરમાત્મા બનવાનું પરમ સૌભાગ્ય સાંપડ્યું છે એવા અરિહંત પરમાત્માનું ધ્યાન કરનાર ધ્યાતા પોતાને પણ અરિહંત સમાન જોઈ-જાણી શકે છે. અર્થાત્ અરિહંત અને સાધક વચ્ચેની અભેદ્ય દીવાલને ભેદીને સાધક પણ એક દિવસ અરિહંત સ્વરૂપ બને છે.

જેમ નિર્મળ-સ્વચ્છ અરીસા-દર્પણની સામે જેવો પદાર્થ મૂકવામાં આવે, તો તેનું તેવું જ પ્રતિબિંબ દર્પણમાં પડે છે. તેમ જે આત્મામાં અનાદિકાળથી ભરાયેલો કર્મરૂપી મેલ દૂર થવાથી તે આત્મા સ્ફટિક જેવો સ્વચ્છ-નિર્મલ અરીસા સમાન બને છે. તેમનાં દર્શન કરતાં-કરતાં તે આત્મામાં પડતું સાધકનું પ્રતિબિંબ કેટલી અશુદ્ધિઓથી ભરેલું છે. આ અશુદ્ધિઓના ભારથી મારા અનંત જ્ઞાનાદિ ગુણો દબાયેલા-ઢંકાયેલા છે તેનું ભાન થાય છે. અરીસો જ સ્વચ્છ ન હોય તો તેમાં પ્રતિબિંબ પણ સ્પષ્ટ દેખાઈ શકતું નથી માટે એક સંસારી આત્મા પોતાનો પરિચય મેળવવા બીજાની અશુદ્ધિ-અપવિત્ર-અસ્વચ્છ અને કર્મના ભારથી ભરાયેલા એવા બીજા સંસારી આત્મામાં જ પોતાનું દર્શન કરે તો તેને પોતાના દબાઈ ગયેલા જ્ઞાનાદિ ગુણોનું ભાન ન જ થાય. માટે જેમ સ્વચ્છ અરીસામાં પ્રતિબિંબ પણ સ્વચ્છ અને સ્પષ્ટ દેખાય છે તેમ અરિહંત પરમાત્માના ધ્યાને ધ્યાતા-સાધક પણ પોતાનું અસલી સ્વરૂપ જાણી અને જોઈ શકે છે. એક દિવસ કર્મના અભેદ્ય કિલ્લાને ભેદીને પરમાત્મા સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે.

અરીસો કોઈને અરીસો બનાવી શકે તેમ નથી, તે તો ફક્ત તમારું દર્શન કરાવી તમારા સૌંદર્યમાં રહેલી ખામી દૂર કરાવી શકે છે. પણ જિનેશ્વરના દર્શન-પૂજન-ધ્યાન-સાધના સાધકને સ્વયં જિનેશ્વર બનાવી શકે તેવી શક્તિ ધરાવે છે.

આપણે અહીં જિનેશ્વરની શોભામાં અભિવૃદ્ધિ કરતા આઠ પ્રાતિહાર્યનો વિષય લીધો છે. એક એક પ્રાતિહાર્યના ધ્યાનથી એક એક કર્મનો ક્ષય શી રીતે થાય ? જેમ કે અશોકવૃક્ષ નામના પ્રથમ પ્રાતિહાર્યના ધ્યાનથી પ્રથમ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કેવી રીતે થાય ? આવો, આપણે જાણીએ.... પૂ. આચાર્ય ભગવંત શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ મહારાજ ફરમાવે છે કે....

**અશોકવૃક્ષના ધ્યાને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય :-**

**ધર્મોપદેશ-સમયે સ-વિધાનુભાવા-**
**દાસ્તાં જનો ભવતિ તે તરૂરપ્યશોકઃ**
**અભ્યુદ્ગતે દિન-પતૌ સમહીરૂહોડપિ,**
**કિંવા વિબોધમુપયાતિ ન જીવલોકઃ ?**

હે પ્રભુ ! આપનો ધર્મોપદેશ સાંભળીને આપની પાસે રહેલું વૃક્ષ પણ અશોક = અ+ શોક, શોક રહિત બની જાય છે, તો પછી મનુષ્યો શોક રહિત થાય તેમાં કોઈ આશ્ચર્ય જ શું છે ? વળી તેમ બને એ અસ્વાભાવિક પણ નથી, કારણ કે સૂર્યોદય થવાથી મનુષ્યો જ માત્ર વિબોધ-વિશિષ્ટ બોધ પામે છે, એટલું જ નહીં પરંતુ વનસ્પતિ સુધ્ધાં પણ પત્ર-સંકોચાઈ લક્ષણવાળી નિદ્રાનો ત્યાગ કરી વિકાસને પામે છે, એ સર્વજન પ્રસિદ્ધ વાત છે.

આ શ્લોકનો રહસ્યાર્થ સમજવા જઈએ તો સ્પષ્ટ જણાય છે કે જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયે પ્રગટ થયેલાં અનન્તજ્ઞાનના આધારે અરિહંત પરમાત્મા ધર્મોપદેશ ફરમાવે છે. જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયે સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણનારા પ્રભુ દુઃખનું પ્રથમ કારણ અજ્ઞાનતા બતાવે છે.

જન્મ-જન્માંતર સુધી વિભાવ દશામાં આત્માને ભટકાવનાર અજ્ઞાન છે. અજ્ઞાન જ આત્માની દિશા ભૂલ કરે છે. આવી ભયંકર અજ્ઞાન દશાના કારણે જીવ શોકાગ્રસ્ત-દુઃખી બને છે.

અજ્ઞાન દશાના કારણે જીવ જન્મ-જન્માંતર, ભવ-ભવાંતરમાં ભટકે છે અને દુઃખનું સાચું કારણ જાણી શકતો નથી માટે દુઃખથી મુક્ત થઈ શકતો

નથી. તાપ અને સંતાપના ત્રાસથી ત્રસ્ત જીવોને ઉપદેશ આપતા મહા મહોપાધ્યાયજી મહારાજ ફરમાવે છે કે

**ચેતન ! જ્ઞાન અજવાળિયે, ટાળિયે મોહ સંતાપ,**
**ચિત્ત ડમ ડોળતું વાળિયે, પાળિયે સહજ ગુણ આપ રે.... ચેતન !**

હે ચેતન, જ્ઞાનનો પ્રકાશ કર. આ જ્ઞાનના પ્રકાશમાં તારા દુઃખનું, તાપ, સંતાપ અને ઉપાધિનું સાચું દર્શન થશે. મોહદશાથી ગ્રસ્ત જેને તારા સુખનું કારણ માની રહ્યો છે તે જ તારા દુઃખનું કારણ પુરવાર થાય છે. જેના કારણે તારું ચિત્ત ભટકવા લાગે છે, અનેક વિચારોથી ઘેરાઈ જાય છે; ન કરવાના ખરાબ-નિરાશાજનક વિચારોથી તું પરેશાન થાય છે. ત્યાં સુધી કે વિચારોથી કંટાળી આત્મહત્યાના ભાવો સુધી પણ પહોંચી શકે છે.

આવી નૈરાશ્યપૂર્ણ સ્થિતિથી મુક્ત થવા હે ! ચેતન, તારા પોતાના આત્મગુણ રૂપજ્ઞાનગુણને પ્રકાશિત કર અને તે આત્મગુણમાં મસ્ત રહી સંસારના-મોહના તાપ-સંતાપ અને શોકથી દૂર થવા પ્રયત્ન કર.

જ્યાં જ્ઞાન હોય ત્યાં શોક હોય કે જ્યાં શોક હોય ત્યાં જ્ઞાન હોય ? પ્રશ્ન ઘણો જટિલ છે, પણ વિચાર કરવા યોગ્ય છે. જ્ઞાન બે પ્રકારના છે. (૧) સમ્યગ્ જ્ઞાન અને (૨) મિથ્યા જ્ઞાન. મિથ્યા અર્થાત્ વિપરીત. વિપરીત જ્ઞાન એ સાચું જોઈએ તો એ જ્ઞાન જ નથી કહેવાતું પરંતુ વ્યવહારની અપેક્ષાએ જ્ઞાન કહીએ તો આવું વિપરીત જ્ઞાન જ્યાં હોય ત્યાં શોક અવશ્ય રહેવાનો છે. કાચની એક વસ્તુ ફૂટી જતાં દુઃખ થાય છે, કારણ કે કાચની વસ્તુ પ્રત્યેનો મોહ શોકનું કારણ બને છે અને તેની પાછળ મિથ્યાજ્ઞાન. પરંતુ જો જીવ પાસે સમ્યગ્ જ્ઞાન હોય તો વિચાર કરત કે નાશવંત વસ્તુનો જ નાશ થયો છે. હે જીવ ! તેના ફૂટવાથી તારે શોકગ્રસ્ત થવાનું કોઈ કારણ જ નથી, તું તો શોકથી પર છે – ભિન્ન છે.

આવા પ્રકારનું નિત્યતા અને અનિત્યતાનું ભાન કરાવનાર જ્ઞાન એ જ સમ્યગ્ જ્ઞાન છે. આવું જ્ઞાન જેને પ્રાપ્ત થયું હોય તે શોકરહિત થઈ શકે છે.

આ સમ્યગ્ જ્ઞાનની ગંગાના મૂળ સમા વિતરાગી અનંતજ્ઞાની અરિહંત પરમાત્મા જ છે. તેના અને તેમને પ્રાપ્ત થયેલા આઠ પ્રાતિહાર્યોના પ્રથમ

અશોકવૃક્ષના આલંબને ધ્યાને મોહગ્રસ્ત જીવની અજ્ઞાન દશા દૂર થાય છે અને એક દિવસ જ્ઞાનાવરણીય કર્મ સર્વથા-સંપૂર્ણ અને સર્વાંશે ક્ષય થતાં અનંત જ્ઞાન-કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

## :: દ્વિતીય પ્રાતિહાર્ય "પુષ્પવૃષ્ટિ"ના ધ્યાને દ્વિતીય દર્શનાવરણીય કર્મનો ક્ષય ::

**ચિત્રં વિભો ! કથમવાઙ્-મુખ-વૃન્તમેવ,**
**વિષ્વક્ પતત્યવિરલા સુર-પુષ્પ-વૃષ્ટિઃ ?**
**ત્વદ્-ગોચરે સુ-મનસાં યદિ વા મુનીશ !**
**ગચ્છન્તિ નૂનમધ એવ હિ બન્ધનાનિ.**

હે સ્વામીન્ ! દેવતાઓ જયારે પુષ્પવૃષ્ટિ કરે છે ત્યારે તે પુષ્પો મુખ ઉપર રાખીને તથા બીટ-બંધન નીચું રાખીને પૃથ્વીને સ્પર્શ કરે છે એ આશ્ચર્યકારક છે, પરંતુ તેવું બને તેમાં કોઈ જ આશ્ચર્ય નથી કારણ કે આપનાં દર્શન પ્રભાવે અને પ્રતાપે શોભાયમાન અને સુકોમલ મનવાળાનાં આંતરિક અને બાહ્ય બંધનો અધોમુખ થાય અને ભાવો ઉન્મુખ-ઊર્ધ્વ ગતિવાળા બને તે પણ સ્વાભાવિક જ છે.

આ શ્લોકમાં પ્રભુદર્શનના પ્રભાવે ભવ્યજીવોના ચિત્ત ઉપર કેવી મનોહર અસર થાય છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. જેવી રીતે પુષ્પના બંધનો નીચે દબાઈને છંકાઈને રહે છે અને પાંદડીઓ વિકસીત રહે છે તેવી જ રીતે પ્રભુનાં દર્શન માત્રથી ભવ્યજીવોના રોમે રોમમાં આનંદની અનુભૂતિ થાય છે. તેમના ભાવોને વિકસ્વરતા પ્રાપ્ત થાય છે.

**પ્રભુનું દર્શન અને પ્રભુનાં દર્શન :-**

પ્રભુનું દર્શન અર્થાત્ અરિહંત પરમાત્મા દ્વારા પ્રરૂપિત તત્ત્વ-સિદ્ધાંતોની સાચી શ્રદ્ધા, આવા સમ્યગ્દર્શનથી બુદ્ધિ આસ્તિકય ભાવવાળી બને છે, અદશ્ય પદાર્થોના અસ્તિત્વને પણ સ્વીકારવાના ભાવો જાગૃત થાય છે. સમ્યગ્દર્શન

પ્રાપ્ત થતાં જ પાપરુચિ ઘટે, જીવ પાપ-ભીરૂ બને, તત્ત્વરુચિ વધે, આરાધકપરિણતિ બને, કષાયોની મંદતા વધે, રાગ-દ્વેષની વૃત્તિ ઓછી થાય તેમજ ભગવાનનાં દર્શન અર્થાત્ પ્રભુના રૂપ, લાવણ્ય બંધયણ સંસ્થાન, વર્ણ પ્રાપ્ત કાયા આદિના દર્શન જગતના બીજા કોઈપણ જીવો પાસે ન હોય તેવી વિશેષતામાં દર્શન થકી અનંતા દર્શન ગુણ પ્રગટ થાય.

ચાર દર્શન અને પાંચ નિદ્રા એમ નવ પ્રકૃતિ ધરાવતાં દર્શનાવરણીય કર્મના ઉદયે આંખ વગરના અનંતા જન્મો જયાં જયાં અરિહંત.

પરમાત્માના દર્શનાદર્શન જ દુર્લભ હતા. નિગોદાવસ્થામાં પણ અનંત કાળચક્રો અને અનંત જન્મ-મરણ કર્યા પણ પ્રભુ અરિહંતનાં દર્શન શક્ય બની શક્યા નહીં; તેવી જ રીતે નિગોદાવસ્થાની સૂક્ષ્મતા છોડીને બહાર નીકળી બાદર વનસ્પતિકાયમાં આવ્યા ત્યાં પણ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીનો લાંબો કાળ વિતાવ્યો છતાં પણ અરિહંતપ્રભુનાં દર્શન અલભ્ય રહ્યા. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય આદિ એકેન્દ્રિયની કક્ષામાં પણ અસંખ્ય વર્ષોનો કાળ વિતાવવા છતાં પણ દર્શન પામી ન શક્યા. એકેન્દ્રિયની કક્ષાનો ત્યાગ કરી બેઈન્દ્રિય તેઈન્દ્રિય આદિમાં પણ અસંખ્ય વર્ષો સુધી – અસંખ્ય જન્મો સુધી અરિહંત પરમાત્માનાં દર્શન અપ્રાપ્ય રહ્યા. ચઉરિન્દ્રિય કક્ષા પ્રાપ્ત થતાં ચક્ષુ-આંખ મળી, પરંતુ માખી, મચ્છર, ભંવરા, તીડ આવા અગણિત જન્મો-ભવો થયા જયાં ફક્ત ઉદર ભરણાદિ કાર્યો માટે આહારાદિની શોધમાં જ ચક્ષુનો ઉપયોગ થયો. અજ્ઞાન દશા વધારે હોવાના કારણે અરિહંત પરમાત્માનાં દર્શન અશક્ય બન્યા. આગળ વધીને પંચેન્દ્રિય પર્યાયમાં પણ મિથ્યાત્વાદિના ઘોર કારણોથી અરિહંત મળી ગયા હોવા છતાં પણ દર્શનથી વંચિત રહેનારા ઘણાં છે.

કોઈક પુણ્યના યોગે અરિહંતપ્રભુના પ્રાતિહાર્યોની રિદ્ધિ-સિદ્ધિ અને ઐશ્વર્યનાં દર્શન થતાં પરમાત્મા તરફનું આકર્ષણ જામ્યું અને તીર્થંકર પ્રભુનાં ચરણોમાં આવી રહ્યા.

એક કવિએ ખૂબ જ સુંદર કહ્યું છે :

**ફૂલડાં કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાજ,**
**તારામાં જેમ ચંદ્રમા, તેમ શોભે મહારાજ.**

જેમ અનેક ટમટમતા તારલાઓની વચ્ચે ચંદ્રની શોભા નિહાળવા યોગ્ય બને છે, તેમજ મઘમઘતા-રંગબેરંગી પુષ્પો વચ્ચે બિરાજમાન અરિહંત પરમાત્માની શોભા અનેરી અવર્ણનીય બને છે.

અરિહંત પરમાત્માની દેશનાભૂમિ રૂપ સમવસરણની જ્યાં રચના થાય છે ત્યાં એક યોજનના માંડલે દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે. આ પુષ્પવૃષ્ટિ જાનુ પ્રમાણ અર્થાત્ ગોઠણ સુધી ઊંચી હોય છે. આટલા અઢળક વિશાળ પુષ્પસમૂહની વચ્ચે બિરાજમાન પ્રભુનાં દર્શન કરતાં – ધ્યાન કરતાં આંખો પવિત્ર બને છે અને અનાદિકાળથી વળગેલા દર્શનાવરણીય કર્મનો ક્ષય પણ થાય છે.

**દિવ્ય ધ્વનિના ધ્યાને વેદનીય કર્મનો ક્ષય :-**

**સ્થાને ગભીર-હૃદયોદધિ-સમ્ભવાયાઃ,**
**પીયૂષતાં તવ ગિરઃ સમુદીરયન્તિ.**
**પીત્વા યતઃ પરમ-સંમદ-સંગ-ભાજો,**
**ભવ્યા વ્રજન્તિ તરસાऽપ્યજરામરત્વં.**

સમુદ્રમંથનને અંતે સમુદ્રમાંથી જેવી રીતે અમૃત બહાર આવ્યું હતું અને તેના પાનથી દેવતાઓ અમર બન્યા હતા તેવી રીતે, હે અરિહંત પરમાત્મા ! આપની વાણી ગંભીર હૃદયરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલ અમૃતને જ બહાર કાઢે છે તે સ્વાભાવિક છે. કારણ કે તેના પાનથી અત્યંત હર્ષવાળા ભવ્યાત્માઓ જલ્દીથી અજર-અમર પદને પામી જાય છે, અર્થાત્ આપનો દિવ્યધ્વનિ અને અમૃત એક સરખા જ સુખકર તથા કલ્યાણકર છે.

મીઠી-મધુરી-આદરાર્થી-સન્માનજનક ભાષા સાંભળનારના દિલને શાતા ઉપજાવે છે અને આનાથી ઊલટું કર્કશ-તિરસ્કારભરી ભાષા સાંભળનારના દિલને અશાતા-દુઃખ પહોંચાડે છે.

વૈદિક સિદ્ધાંતાનુસાર દેવો અને દાનવોએ મળીને કરેલા સમુદ્રમંથનમાંથી મળેલા અમૃતની મધુરતા-દિવ્યતા અને તેના પાન થકી પ્રાપ્ત થતી અમરતા

આ ભવ-આજન્મ સુધી જ મર્યાદિત.

કેવળજ્ઞાન-કેવળદર્શન અને વિતરાગના સંપૂર્ણ પ્રગટીકરણ બાદ નાના-મોટા સર્વજીવોને સમાન ગણનાર આપનું વિશાળ હૃદય પણ એક સમુદ્રની ઉપમાને વરે છે. વિતરાગતાના ગુણ વડે શત્રુ અને મિત્રને એક નજરે જોનાર આપનું હૃદય સમુદ્ર કરતાં પણ વધુ વિશાળતા ધરાવતું સિદ્ધ થાય છે. આવા વિશાળ અને ગંભીર હૃદયરૂપી સમુદ્રમાંથી વાણીનો પ્રવાહ પ્રવાહિત થાય છે. તેની મધુરતા-દિવ્યતા અને અમરતા જીવને અજર-અમર પદ પ્રાપ્ત કરાવનાર બને છે. માટે અમૃત કરતાં પણ અનેક ગણી ઉચ્ચતા-ગંભીરતા-મધુરતા-દિવ્યતા અને અમરતા પ્રાપ્ત કરાવનાર છે આપની ગંભીર અને દિવ્ય વાણી.

અરિહંતપ્રભુની વાણી ૩૫ ગુણોથી યુક્ત હોય છે. સંસ્કાર અર્થાત્ સંસ્કૃત લક્ષણવાળી, જેમ કાવ્યમાં શબ્દાલંકાર અને અર્થાલંકારો હોય છે તેમ પ્રભુની વાણીમાં શબ્દ અને અર્થના એવા તો અનેક સુંદર લક્ષણો અને અલંકારો હોય છે. તેના શ્રવણ માત્રથી જ દીર્ઘ કાળ સુધી શ્રોતાઓની આતુરતા અને સરસતા બની રહે છે અને શ્રોતાઓ દીર્ઘ કાળ સુધી વગર કંટાળ્યે સાંભળતા રહે છે.

ઉદાત્ત અર્થાત્ માંદા-દબાતા સૂરવાળી નહીં કે તોછડાતા-બોબડાતા અક્ષરવાળી વાણી ન હોય પણ દૂર બેસનારને પણ સ્પષ્ટ સંભળાય એવા ઊંચા સૂર-અવાજવાળી અને સ્પષ્ટ ઊંચા અક્ષરવાળી હોય છે. ઉદાર, શિષ્ટાચારી અને સંસ્કારીજન બોલે તેવી ઉત્તમ સંસ્કારી ભાષા હોવાથી એ વિદ્વાનોને પણ ગમી જાય છે. માત્ર ઉદાત્ત અર્થાત્ એકલી ઊંચા અવાજવાળી નહીં પણ વાદળાના ગડગડાટ થતાં કે સમુદ્રનું મંથન કરતાં જેવો ગંભીર ધ્વનિ નીકળે એવા ગંભીર ઘોષવાળી હોય છે. આવા પ્રકારની દિવ્ય ધ્વનિ સાંભળનારના મનના શોકને અશાતાને દૂર કરે તેમાં કોઈ આશ્ચર્ય નથી માટે અનાદિ કાળથી વળગેલા અશાતા વેદનીય કર્મના ક્ષય માટે પ્રભુની મીઠી-મધુરી દિવ્યધ્વનિનું આચમન વારે વારે કરતાં રહેવું જોઈએ.

આજે વર્તમાનમાં ભરતક્ષેત્રમાં વિચરતા કોઈ અરિહંતપ્રભુ આપણી

સમક્ષ વિદ્યમાન નથી તો આવી દિવ્યધ્વનિ સાંભળવાની સુવર્ણ તક આપણા ભાગ્યમાં નથી. માટે ખાસ પદ્માસનાવસ્થામાં બેસી મહાવિદેહ ક્ષેત્રનું ધ્યાન કરતાં પુષ્કલાવતી વિજયમાં બિરાજમાન વિહરમાન સાક્ષાત્ અરિહંતપ્રભુ શ્રી સિમંધરસ્વામીના સમવસરણનાં દર્શન કરતાં-કરતાં તેમની ગંભીર વાણીનું આચમન આપણે અહીં બેઠાં-બેઠાં કરી શકીએ તેવો ધ્યાનનો પ્રયોગ કરવો જોઈએ, તેવી એકાગ્રતા કેળવવી જોઈએ. આવા પ્રયત્નો – પુરુષાર્થ દ્વારા આપણે પણ અશાતાના દુઃખમાંથી મુકત થઈ શકીએ છીએ.

વિશેષ રહસ્યોદ્‌ઘાટન કરતાં લખવાનું કે અનાદિ અનંત કાળથી આત્મા મિથ્યાત્વ, અવિરતિ અને કષાય આદિના વિભાગમાં અથડાતો રહ્યો, કુટાતો રહ્યો, જન્મ-જન્માંતર કરતો રહ્યો, લક્ષહીન અને અર્થાત્ એક જન્મ પૂરતી જ મર્યાદિત છે. પદ્માસન અવસ્થામાં બેસી મહાવિદેહ ક્ષેત્રનું ધ્યાન કરતાં. પુષ્કલાવતી વિજયમાં બિરાજમાન સાક્ષાત્ વિહરમાન અરિહંતપ્રભુ શ્રી સિમંધર સ્વામીના સમવસરણનાં દર્શન કરતાં કરતાં તેમની ગંભીર વાણીનું આચમન આપણે અહીં બેઠાં-બેઠાં કરી શકીએ.

ભવિષ્યમાં સમવસરણમાં બેસી અરિહંત પરમાત્માની દિવ્ય વાણી સાંભળી આપણે પણ વેદનીય કર્મ રહિત અવ્યાબાધ સુખ-અનંત સુખી બની શકીએ છીએ.

## :: ચતુર્થ પ્રાતિહાર્ય-"ચામર'ના ધ્યાને મોહનીયનો કર્મનો ક્ષય ::

**સ્વમિન્ ! સુદૂરમવનમ્ય સમુત્પતન્તો,**
**મન્યે વદન્તિ શુચયઃ સુરચામરૌઘાઃ ।**
**યેઽસ્મૈ નતિં વિદધતે મુનિપુંગવાય,**
**તે નૂનમૂર્ધ્વ-ગતયઃ ખલુ શુદ્ધ-ભાવાઃ ॥૨૨॥**

હે સ્વામિન્ ! મને એમ લાગે છે કે પવિત્ર દેવતાઓ વડે વિંઝાતા ચામરોના સમૂહ કે જે અત્યંત નીચે નમીને ઊછળે છે તેનો ઉદ્દેશ મનુષ્યોને એવો ઉપદેશ આપવાનો જણાય છે કે "જે મનુષ્યો આ મુનિપુંગવ તીર્થંકર પ્રભુને નમસ્કાર કરે છે તે ખરેખર ઊંચી ઉચ્ચ ભાવવાળા બને છે." બીજા શબ્દોમાં કહીએ તો આ ચામરો જણાવે છે કે અમે પણ પ્રભુ આગળ પ્રથમ મસ્તક નમાવીએ છીએ અને એ લઘુતા જ અમને ઊર્ધ્વગતિએ પહોંચાડે છે.

વિશેષ રહસ્યોદ્ઘાટન કરતાં લખવાનું કે, અનાદિ અનંત કાળથી આત્મા મિથ્યાત્વ, અવિરતિ અને કષાય આદિના વિભાવમાં અથડાતો રહ્યો, કુટાતો રહ્યો, જન્મ-જન્માંતર કરતો રહ્યો. લક્ષહિન અને દિશાવિહીન ભટકતા જીવ પર મોહનીય કર્મના થરના થર જામતાં ગયાં અને મિથ્યાત્વના જોરે સુખપ્રાપ્તિ અને દુઃખનિવૃત્તિના લક્ષ્યથી રાગી-દ્વેષી દેવી-દેવતાઓને નમસ્કાર કરતાં રહ્યાં. તેની ભૂલ ભરેલી માન્યતા માનતા રહ્યાં. આ પ્રવૃત્તિએ પણ મિથ્યાત્વને વધારે ને વધારે ગાઢ બનાવ્યું.

મિથ્યાત્વને કારણે જ્ઞાન વિપરીત, દિશા વિપરીત, ગુણો વિપરીત, સ્વભાવ વિપરીત થતાં ગયા. આવી વિપરીતતાને મજબૂત પક્કડ મળી કષાયોની. મિથ્યાત્વએ માન્યતા વિપરીત કરી અને તેને સંરક્ષણ-સુરક્ષા પૂરી પાડનાર કષાયો તેમાં ભળી ગયા, જેના કારણે જે કામ નમ્રતાપૂર્વક થતું હતું તે અહંકાર અને ક્રોધ-કષાય દ્વારા થવા લાગ્યું. આ જ કારણે જીવ કર્મથી વધારે ને વધારે લેપાતો ગયો. આથી આત્માના મૂળભૂત ગુણ સ્વરૂપ નમ્રતાનો ઉપદેશ આપતા ચામરના આલંબને-ધ્યાને આપણે પણ નીચે ઝૂકતા જઈએ તેમ તેમ આપણી પણ ઊર્ધ્વગતિ થશે.

## :: પંચમ પ્રાતિહાર્ય-સિંહાસન-પંચમ આયુષ્ય કર્મનો ક્ષય ::

**શ્યામં ગભીરગિરમુજ્જ્વલ-હેમ-રત્ન-**
**સિંહાસન-સ્થમિહ ભવ્ય-શિખણ્ડિનસ્ત્વામ્ ॥**
**આલેકયન્તિ રભસેન નદન્તમુચ્ચૈ-**
**શ્ચામીકરાદ્રિ-શિરસીવ નવામ્બુ-વાહમ્ ॥૨૩॥**

ભવિજીવરૂપી મયૂરો આ સમવસરણને વિશે ઉજ્જ્વલ હેમ અને રત્નથી જડેલાં સિંહાસનમાં બેઠેલા શ્યામવર્ણ યુક્ત અને ગંભીર વાણીવાળા આપને જેવી રીતે મેરુ પર્વતના શિખરમાં ઉકત સ્વરે શબ્દ કરતાં – ગર્જના કરતાં નવીન મેઘને જ જુએ તેમ ઉત્સુકપણાથી જુએ છે. અર્થાત્ મેરુ પર્વતના સ્થાને સિંહાસન સમજવું અને મેઘના સ્થાને પ્રભુનું શ્યામ શરીર, મયૂરોના સ્થાને ભવ્ય જીવો તથા ગર્જનાને સ્થાને પ્રભુની વાણી સમજવી.

અક્ષયસ્થિતિ ગુણાધારે નિત્ય રહેનાર આત્મ દ્રવ્ય, આયુષ્ય કર્માનુસાર પર્યાય સ્વરૂપ અનિત્ય થાય છે. પર્યાય ઉત્પન્ન થાય છે અને પાછી વિનાશને પામે છે. જ્યાં ઉત્પત્તિ ત્યાં વિનાશશીલતા આવીને ઊભી રહે છે. જે ઉત્પન્ન થાય છે તેનો વિનાશ અવશ્યંભાવી છે. જે અનુત્પન્ન છે તે અવિનાશી છે. જેની આદિ નથી તેનો અંત પણ સંભવતો નથી. આવા પ્રકારનું આત્મ દ્રવ્ય સંસારમાં જન્મ-મરણ કરતાં હજારો-લાખો અને અનંતકાળથી ભટકી રહ્યો છે. ક્યાંય સ્થિરતા નથી. કોઈ ક્ષેત્રમાં, કોઈ પણ ગતિમાં કે જાતિમાં ક્યાંય સ્થિરતા નથી. માટે જ્યાં અસ્થિરતા ત્યાં સંસાર એવો નિયમ બની શકે અને જ્યાં હંમેશની – અનંતા કાળની સ્થિરતા તેનું નામ મોક્ષ.

હવે વિચાર એ કરવાનો કે સિંહાસન પર બિરાજમાન ભગવાન દેશના ફરમાવી રહ્યા છે ત્યારે તે ક્રિયાશીલ દેખાય છે અને સિંહાસન બિલકુલ સ્થિર.

મેરુ પર્વત સમાન નિશ્ચલ સિંહાસન પર બિરાજમાન થઈ મેઘ સમાન ગંભીર ગર્જના કરતાં પ્રભુના ધ્યાને ભવ્ય જીવો પોતાના અચલ આત્મ સ્વરૂપને

ઓળખી આયુષ્ય કર્મની બેડીઓ તોડી કર્મમુક્ત થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

સિંહાસન નામના પ્રાતિહાર્યના આલંબને પ્રભુને ઓળખી પ્રભુના ધ્યાને આપણું કલ્યાણ અવશ્યંભાવી બને છે.

### :: ષષ્ઠ પ્રાતિહાર્ય-ભામંડલ-ષષ્ઠ નામ કર્મનો ક્ષય ::

**ઉદ્‌ગચ્છતા તવ શિતિદ્યુતિ-મણ્ડલેન,**
**લુપ્ત-ચ્છદચ્છવિરશોક-તરૂર્બભૂવ ॥**
**સાન્નિધ્યતોડપિ યદિ વા તવ વીતરાગ !**
**નીરાગતાં વ્રજતિ કો ન સ-ચેતનોડપિ ? ॥૨૪॥**

હે વીતરાગ દેવ ! જ્યારે આપના દેદીપ્યમાન ભામંડલની પ્રભાથી અશોકવૃક્ષના પાંદડાની લાલીમા પણ લુપ્ત થઈ જાય છે, અર્થાત્ આપની સમીપતા પામીને વૃક્ષોનો રાગ પણ જતો રહે છે તો એવો કયો સચેતન પુરુષ-આત્મા છે કે જે આપના ધ્યાન દ્વારા અથવા સમીપતા પામીને વીતરાગતાને પ્રાપ્ત ન કરી શકે ? અર્થાત્ બધા જ વીતરાગતા પ્રાપ્ત કરી શકે છે.

અનામી એવા આત્માને નામ, રૂપ, રંગ, આકાર, પ્રકારનું દાન કરનાર છે નામ કર્મ.

શુભ વર્ણનામ કર્મના આધારે સારો, રૂપાળો વાન મળે અને અશુભ વર્ણનામ કર્મના ઉદયે અશુભ, કાળો વાન મળે. સુસ્વર નામ કર્મનાં ઉદયે કંઠ સારો મળે. દુસ્વર નામ કર્મના ઉદયે ઘોઘરો અવાજ મળે. કાગડો અને કોયલ બંનેના અશુભ વર્ણનામ કર્મનો ઉદય છે. બંનેને કાળો કલર મળ્યો છે પરંતુ એકનો દુસ્વર નામ કર્મના ઉદયે કર્કશ અવાજ મળ્યો છે. જ્યારે કોયલને મીઠો-મધુરો-કર્ણપ્રિય સ્વર મળ્યો છે. આમ અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર સ્થિતિ સર્જનાર છે નામ કર્મ. શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિનો રાગ કરી આત્માએ ઘણાં કર્મો બાંધ્યાં છે. તેવી રીતે અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શાદિનો દ્વેષ કરીને પણ અનંતાનંત કર્મો બાંધ્યાં છે.

આ કર્મબંધના ચક્કરથી છૂટવા-વીતરાગી દેવ શ્રી અરિહંત પરમાત્માનું આલંબન ઉચ્ચતમ છે. જેમ ભામંડલની દેદીપ્યમાન પ્રભાથી અશોકવૃક્ષનાં પાંદડાંઓની લાલીમા (રાગ) લુપ્ત થાય તેમજ ભામંડલ-પ્રાતિહાર્ય યુક્ત અરિહંત પરમાત્માના ધ્યાન આલંબને આપણે પણ નામ આદિ કર્મથી મુક્ત થઈ શકીએ તેમાં કોઈ શંકાને સ્થાન નથી. માટે શુભાશુભ વર્ણાદિ નામ આદિ કર્મોનો ક્ષય કરી વીતરાગ થઈ શકીએ.

## :: સપ્તમ પ્રાતિહાર્ય-દુન્દુભિ-સપ્તમ ગોત્ર કર્મનો ક્ષય ::

**ભો ભોઃ પ્રમાદમવધૂય ભજધ્વમેન-**
**માગત્ય નિર્વૃત્તિ-પુરીં પ્રતિ સાર્થવાહમ્ ॥**
**એતન્નિવેદયતિ દેવ ! જગત્ત્રયાય,**
**મન્યે નદન્નભિનભઃ સુર-દુંદુભિસ્તે ॥૨૫॥**

હે હે મોક્ષભિલાષી જીવો ! તમારે જો મોક્ષપુરીમાં વાસ કરવો હોય તો પ્રમાદ છોડીને અરિહંત પરમાત્માની સેવા કરો, કારણ કે અરિહંત પરમાત્મા સ્વયં મુક્તિપુરી લઈ જવા માટે સાર્થવાહ બનીને આવ્યા છે.

ધર્મારાધનામાં આળસ-પ્રમાદ કરવાથી ગોત્ર કર્મનો બંધ થાય છે. આ ગોત્ર કર્મના ઉદયે જીવ ઊંચ અને નીચ કુળ, ખાનદાન પ્રાપ્ત કરે છે. દુન્દુભિના નાદે પ્રમાદ ત્યાગી અરિહંત પરમાત્માની આરાધના, સાધના અને દેશના શ્રવણ કરવા પધારવાનું આમંત્રણ દેવલોકના દેવતાઓ આપે છે. જેમ સંગીતના તાલે પગ થરકવા લાગે છે તેમ દુન્દુભિના નાદે સંસારમાં આસક્ત અને પ્રમાદી લોકો પણ પોતાની આસકિત અને પ્રમાદ છોડી અરિહંત પરમાત્માની સેવા-ભક્તિ, દેશનાશ્રવણ કરી ધર્મના માર્ગે ઉદ્યમશીલ થાય છે જેના કારણે ગોત્ર કર્મનો ક્ષય થઈ શકે.

## :: અષ્ટમ પ્રાતિહાર્ય છત્રત્રયના ધ્યાને અંતરાય કર્મનો ક્ષય ::

**ઉદ્યોતિતેષુ ભવતા ભુવનેષુ નાથ !**
**તારાન્વિતો વિધુરયં વિહતાધિકારઃ ॥**
**મુક્તા-કલાપ-કલિતો-ચ્છ્‌વસિતાતપત્ર-**
**વ્યાજાત્ત્રિધા ધૃત-તનુર્ધ્રુવમભ્યુપેતઃ ॥૨૬॥**

હે અપૂર્વ તેજપુંજ ! અરિહંત પરમાત્મા ! આપે તો ત્રણેય લોકને જ્ઞાનપ્રકાશ વડે પ્રકાશિત કરી દીધેલ છે. હવે ચંદ્રમા કોને પ્રકાશિત કરશે ? કોઈને નહીં. માટે જ તો તે ત્રણ છત્રનો વેષ ધારણ કરી આપની સેવા કરીને પોતાના અધિકારની માંગણી કરવા ઉપસ્થિત થયો છે. છત્રોમાં જે મોતીઓ લાગેલા છે તે ચંદ્રમાના પરિવાર સ્વરૂપ તારાગણ જ છે.

***"विघ्नकरणमंतरायस्य"*** અર્થાત્ વિઘ્ન કરવું એ અંતરાય કર્મનું કામ છે. પુન્યોદયે પ્રાપ્ત થયેલા ધન, સત્તા, અધિકાર, પદ-પ્રતિષ્ઠા આદિ દુન્યવી સુખોમાં વિઘ્ન કરી જીવને દુઃખી કરવાનું કામ છે અંતરાય કર્મનું.

કવિએ ઉપરોકત શ્લોકમાં ઉત્તમ પ્રકારની કલ્પનાશક્તિનો પરિચય કરાવ્યો છે. કવિ પ્રભુને પ્રશ્ન પૂછે છે કે હે પ્રભુ ! હે અપૂર્વ તેજપુંજ ! અરિહંત પરમાત્મા ! આપે તો જ્ઞાનપ્રકાશ વડે ત્રણેય લોકને પ્રકાશિત કરી દીધેલ છે, હવે પેલો અનેક તારલાઓની વચ્ચે અતિશય શોભતો એવો ચંદ્રમા કોને પ્રકાશિત કરશે ? કાળી-અંધારી રાત્રીમાં શીતલ એવી ચાંદની વડે ભૂતલની અનેક વસ્તુઓને પ્રકાશિત કરવાનો ચંદ્રમાનો અધિકાર હતો.

હે પ્રભુ ! આપના કેવળજ્ઞાનમાં ત્રણેય લોકના બધા જ પદાર્થો પ્રકાશિત થઈ રહેલા છે. પ્રભુ ! ચંદ્રમા હોય કે ન હોય આપને વસ્તુદર્શન માટે કોઈ રોકી શકતું નથી. કાજળકાળી અંધારી રાતમાં પણ આપ જ્ઞાન વડે બધું જ જાણી શકો છો. આપના કેવળજ્ઞાનમાં બધું જ સ્પષ્ટ પ્રકાશિત થાય જ છે. આમ જોવા જઈએ તો અહીં ચંદ્રમાની ઉપેક્ષા થતી હોય તેવું સ્પષ્ટ જણાય છે. માટે જ ચંદ્રમા

– ત્રણ છત્રનું રૂપ ધારણ કરી આપની પાસે પોતાના અધિકારની માંગણી કરવા ઉપસ્થિત થયો છે.

જેમ છીનવાઈ ગયેલા અધિકારને પ્રાપ્ત કરવા ચંદ્રમાએ છત્રનું રૂપ ધારણ કર્યું તેમ, પુન્યના ઉદયે પ્રાપ્ત થયેલ ભૌતિક સાધન-સામગ્રીનો ભોગવટો અંતરાય કર્મના ઉદયે કરી શકતા નથી. અર્થાત્ અંતરાય કર્મના ઉદયે મળેલા સુખનાં સાધનો દ્વારા સાંસારિક સુખનો ઉપભોગ કરી શકાતો ન હોવાના કારણે જીવ સંતાપ પ્રાપ્ત કરે છે. આ સંતાપથી બચવા અંતરાય કર્મનો છેદ કરવો આવશ્યક છે. જેમ જેમ અંતરાય કર્મનો ઉદય ઓછો તેમ તેમ સુખાનુભૂતિ વધારે થાય છે. એટલે સુખમાં અંતરાય કરવાનું કામ છે અંતરાય કર્મનું. સુખ એ આત્માનો ગુણ છે, સુખની પ્રાપ્તિ એ આત્માનો અધિકાર છે. પરંતુ અંતરાય કર્મના ઉદયે સુખ પ્રાપ્તિનો અધિકાર છીનવાઈ જાય છે અને આત્મા દુઃખની અનુભૂતિ કરે છે. જીવ દુઃખી દુઃખી થાય છે.

જેમ ચંદ્રમાએ દુન્યવી વસ્તુને પ્રકાશિત કરવાનો અધિકાર છીનવાઈ જતાં છત્રનું રૂપ ધારણ કરી અરિહંત પરમાત્માની સેવા કરવાનો શુભારંભ કર્યો. તે જ રીતે આપણે પણ ત્રણ છત્રના ધારક એવા અરિહંત પરમાત્માનું ધ્યાન કરી અંતરાય રહિત બનવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

## :: ૧૮ પાપસ્થાનકની પ્રવૃત્તિથી જ્ઞાનાવરણીય કર્મ તથા દર્શનાવરણીય કર્મબંધ ::

૧. પ્રાણાતિપાત :- જ્ઞાની મહાપુરુષોની હિંસા કરવાથી.... જ્ઞાની મહાપુરુષોને પરિતાપ, ત્રાસ, ઉદ્વેગ કરાવવાથી.

૨. મૃષાવાદ :- જ્ઞાની ગુરુના વિષયમાં જૂઠ બોલવાથી.... જ્ઞાનોપકરણ વિષે મૃષાવાદના સેવનથી જ્ઞાન-દર્શનાવરણીય કર્મનો બંધ થાય છે.

૩. અદત્તાદાન :- જ્ઞાનોપકરણની ચોરી કરવાથી.... જ્ઞાની-દર્શની મહાપુરુષોનું અપહરણ કરી ત્રાસ પહોંચાડવાથી....

૪. મૈથુન :- જ્ઞાની શિક્ષક-શિક્ષિકા-વિદ્યાગુરુ સાથે જબરજસ્તી બળાત્કાર કરવાથી.... અતિશય રાગાંધ બનીને બિભત્સ ચેન-ચાળા કરવાથી....

૫. પરિગ્રહ :- જ્ઞાનોપકરણનો જરૂરિયાત કરતા વધારે સંગ્રહ કરી તેના પર આસક્તિ રાખવાથી....

૬. ક્રોધ :- શિક્ષક-શિક્ષિકા-ગુરુજનો પર ગુસ્સો કરવાથી.... ગુસ્સામાં તેમનો અનાદર-અપમાન કરવાથી....

૭. માન :- જ્ઞાનનો અહંકાર, શ્રુતનો મદ, પોતાની બુદ્ધિશક્તિનો અહંકાર કરવાથી....

૮. માયા :- જ્ઞાનીગુરુનું નામ છુપાવવાથી.... જ્ઞાનીગુરુને માયા-કપટપૂર્વક ફસાવવાથી....

૯. લોભ :- ડિગ્રી મળતા, નોકરીનો, પૈસાનો લોભ કરવાથી, પરીક્ષામાં પાસ થતાં ઇનામ-પ્રાઇઝનો લોભ કરવાથી....

૧૦. રાગ :- પેન-પેન્સિલ-પાટી આદિ જ્ઞાનોપકરણ પર રાગ, આસક્તિ રાખવાથી....

૧૧. દ્વેષ :- જ્ઞાની-વિદ્યાગુરુ -શિક્ષકાદિ પ્રત્યે દુશ્મનાવટનો ભાવ રાખવાથી....

૧૨. કલહ :- વિદ્યાગુરુ સાથે ઝઘડો-કજિયો-કંકાસ કરવાથી....

૧૩. અભ્યાખ્યાન :- જ્ઞાની મહાપુરુષો પર ચોરી-બળાત્કાર આદિનું કલંક ચડાવવાથી....

૧૪. પૈશુન્ય :- જ્ઞાની મહાપુરુષોની અથવા મિત્ર આદિની ચાડી-ચૂગલી કરી તેમને પરેશાન કરવાથી....

૧૫. રતિ-અરતિ :- ક્લાસ ટીચરમાં પણ ગમા-અણગમાનો ભાવ રાખવાથી. જે ગમતા હોય તે ટીચર-શિક્ષક ક્લાસમાં આવે તો ખુશી થાય અને અણગમતા ટીચર-શિક્ષક ક્લાસમાં આવતા તેમનું અપમાન આદિ કરવાથી....

૧૬. પરપરિવાદ :- નિંદા-વિદ્યાદાતા, વિદ્યાગુરુ, શિક્ષક-શિક્ષિકા આદિની નિંદા, ટીકા-ટિપ્પણ કરવાથી....

૧૭. માયા મૃષાવાદ :- માયાપૂર્વક-છલકપટ કરીને જુઠું બોલીને જ્ઞાનીઓને પોતાના સકંજામાં (પોતાની જાળમાં) ફસાવવાથી....

૧૮. મિથ્યાત્વશલ્ય :- સાચા જ્ઞાનીને જ્ઞાની ન માનવા, અજ્ઞાની-અયોગ્ય એવા શિક્ષકોને ગુરુ માનવા, જેમ કે લગ્નાદિ પ્રસંગે કોરિયોગ્રાફર બોલાવી તેને ગુરુ બનાવી નૃત્યાદિ શીખવાથી **જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે.** દર્શન અને દર્શની મહાપુરુષોનો અનાદર, અપમાનાદિ કરવાથી **દર્શનાવરણીય કર્મનો બંધ થાય છે.**

**વેદનીય કર્મનો બંધ :-**

૧. પ્રાણાતિપાત :- અબોલ-મૂંગા-લૂલા-લંગડા-અશક્ત-નબળા-વિકલાંગ એવાં પશુ-પક્ષીઓની હિંસા કરવાથી.... કતલખાના ચલાવવાથી.... જેમાં માંસાહાર મિશ્રીત હોય તેવી ખાદ્ય સામગ્રી ખાવાથી.... કીડી આદિને ધૂળથી છાંકવાથી.... ધરતી સાથે ઘસડવાથી.... નાના-મોટા કોઈ પણ જીવને દુઃખ-ત્રાસ-પીડા-સંતાપ-પરિતાપ પહોંચાડવાથી.... **અશાતાવેદનીય કર્મનો બંધ થાય.**

૨. મૃષાવાદ :- જૂઠું-ખોટું બોલીને પશુ-પક્ષી-નોકર-ચાકરને ભૂખ્યા રાખવાથી, તરસ્યા રાખવાથી. તેમને ભૂખ્યા રાખી પહેલાં પોતાનું પેટ ભરી લેવાથી અશાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

૩. અદત્તાદાન :- ગાય, ભેંસ, પાડા, બકરી આદિ પશુ, પોપટ, મેના, કોયલ આદિ પક્ષીઓની ચોરી કરી તેને વેચી પૈસા કમાવવાથી અશાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

૪. મૈથુન :- કૂતરા, બિલાડા આદિ પશુઓ સાથે મૈથુન સેવન કરવાથી.... બિભત્સ-અભદ્ર-અશ્લીલ ચેનચાળા કરવાથી....

૫. પરિગ્રહ :- આનંદ શ્રાવક જેવા પરમ શ્રાવક પાસે ૬૦,૦૦૦ ગાયોનું ગોધન હતું. જો કે પછી મહાવીરના ઉપદેશથી ધીરે-ધીરે પરિગ્રહ ઓછો કરતાં ગયા. તેમ આજના કાળમાં વધારે પડતો પશુઓનો સંગ્રહ-પરિગ્રહ કરી તેના ચારા-પાણીની સુવ્યવસ્થિત વ્યવસ્થા ન કરી શકવાથી અશાતાવેદનીય કર્મનો બંધ થાય.

૬. ક્રોધ :- બળદોને, ઘોડાઓને ગાડીમાં જોડીને તેને ક્રોધમાં લાકડીઓ મારવાથી.... નિર્દોષ પશુ-પક્ષી પર ક્રોધ કરી તેને ઈજા પહોંચાડવાથી....

૭. માન :- ગોધન, ગજધન આદિનું અભિમાન કરવાથી....

૮. માયા :- માયા-કપટપૂર્વક પક્ષીઓને જાળમાં ફસાવવાથી, જંગલમાં હરણ-સિંહ-વાઘ આદિ પશુઓને છટકાં ગોઠવી તેમાં સપડાવવાથી....પિપરમેન્ટ-બિસ્કિટ-પૈસા આદિ વસ્તુની લોભ-લાલચ આપી નાનાં છોકરાંઓને પોતાની જાળમાં ફસાવવાથી....

૯. લોભ :- લોભવૃત્તિથી પશુ-પક્ષીઓને પાળવાથી, તેને સમયસર ચારો-પાણી ન આપવાથી....

૧૦. રાગ :- પોતાના જણેલા છોકરાઓ કરતાં પાળેલાં કૂતરા પર વધારે રાગ કરી તેની પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કરવાથી....

૧૧. દ્વેષ :- નિર્દોષ-અબોલ પશુ પ્રતિ દ્વેષ-વૈર-વૈમનસ્યતાનો ભાવ રાખી તેને મારવાથી, ભૂખ્યા રાખવાથી, તરસ્યા રાખવાથી, નિર્દયતાપૂર્વક માર મારવાથી....

૧૨. કલહ :- પશુ-પક્ષીના નામે ક્લેશ-કંકાસ-કલહ-ઝઘડો કરવાથી, કોઈના પશુ પોતાના ખેતરમાં ઘૂસી જવા માત્રથી પેલા પશુ-માલિક સાથે ઝઘડો કરી વેરની પરંપરા વધારવાથી....

૧૩. અભ્યાખ્યાન :- ગરીબ-દીન-દુઃખી-નોકર-ચાકર આદિ પર ચોરી આદિનો આરોપ-પ્રત્યારોપ કરવાથી....

૧૪. પૈશૂન્ય :- ગરીબ-અપંગ-વિકલાંગ-અંધજન-મતિમંદ આદિની ચાડી-ચૂગલી કરી તેમને મનઃસંતાપ પહોંચાડવાથી....

૧૫. રતિ-અરતિ :- પશુ-પક્ષીમાં પણ ગમા-અણગમાનો ભાવ લાવી એકને ખાવાનું આપવું, બીજાને ન આપવાથી.... ગૌશાળા-પાંજરાપોળમાં પશુઓને રાખી પસંદ અને નાપસંદના ભેદભાવથી એકની સેવા કરવાથી અને બીજાની સેવા ન કરવાથી અશાતાવેદનીય કર્મ બંધાય.

૧૬. પરપરિવાદ :- પશુપાલકોની-પશુસેવકોની નિંદા-ટીકા-ટિપ્પણ કરી તેને પજવવાથી.... ગૌશાળા-કબૂતરખાના સંભાળનાર સેવકોની પજવણી કરવાથી નોકરી છોડી જતો રહે તો પશુ-પક્ષી ભૂખ્યા-તરસ્યા રહે તેના કારણે.... અશાતાવેદનીય કર્મ બંધાય.

૧૭. માયા મૃષાવાદ :- માયાવી ઢોંગ રચી ગરીબોને ફસાવવાથી.... છલ-કપટ સાથે જૂઠ બોલીને ધાર્મિકજનોને ભોળવી, ફસાવી તેને મનઃસંતાપ કરાવવાથી....

૧૮. મિથ્યાત્વશલ્ય :- દીન-દુઃખી-ગરીબ લોકોને પૈસાના લોભે દુઃખ નિવારક ધર્મ-મંત્ર-તંત્ર આદિની વિદ્યા દ્વારા દુઃખ દૂર કરવાની ખોટી-મિથ્યા માન્યતા રાખી તેમને ભોળવવાથી અથવા તેવા પ્રકારના ધર્મનું આચરણ કરવાથી.

**મોહનીય કર્મ બંધાય :-**

૧. પ્રાણાતિપાત :- સાધુ-સંતોની હિંસા કરવાથી, ધર્મગુરુઓને મારવા, કૂટવા, હેરાન-પરેશાન કરી ત્રાસ ગુજારવાથી.... જેમ શ્રીકાંતના ભવમાં શ્રીપાળે કર્યું હતું, તેના કારણે એમણે ચારિત્ર મોહનીય કર્મ બાંધ્યું હતું.

૨. મૃષાવાદ :- સાધુ-સંત બનીને અસત્યનું સેવન કરવાથી.... ધર્મગુરુ આનંદ વિષયમાં જૂઠ બોલવાથી. મોહનીય કર્મ બંધાય....

૩. અદત્તાદાન :- સાધુ-સંતોના ઉપકરણની ચોરી કરવાથી, ભગવાનના આભૂષણો-આંગીઓ-ભંડારો તથા મૂર્તિઓની ચોરી કરવાથી મોહનીય કર્મ બંધાય....

૪. મૈથુન :- દેવ-દેવીની મૂર્તિ જોઈને કામુકતાના ખરાબ વિચારો કરવાથી. લક્ષ્મીદેવી આદિ દેવીઓની મૂર્તિ સાથે બિભત્સ-આલિંગન આદિ દેવાથી.... તેમની મજાક કરવાથી, સાધ્વીજી ભગવંતાદિ ચારિત્ર પ્રાપ્ત શુદ્ધ સંયમીઓનું કૌમાર્ય ભંગ કરવાથી....

૫. પરિગ્રહ :- ભગવાનની રત્નપ્રતિમા ઉપર અતિશય આસક્તિ કરવાથી, તેમની મૂર્તિઓનો જરૂરિયાત વગર સંગ્રહ કરવાથી....

૬. ક્રોધ :- સાધુ-સંતો પર, ધર્મના સ્થાનો પર, ધર્મના સિદ્ધાંતો પર ક્રોધ કરી તેની મજાક ઉડાડવાથી....

૭. માન :- તપનું અભિમાન, જ્ઞાનનું અભિમાન, રૂપ, ઐશ્વર્ય, કુળ, ધન-સંપત્તિ આદિનું અભિમાન કરવાથી....

૮. માયા :- રાવણની જેમ માયાથી રૂપ કરી સીતા જેવી સતી સ્ત્રીઓને ફસાવવાથી, માયાના રૂપો કરી ભલી-ભોળી પ્રજાને ફસાવી પૈસા કમાવવાથી....

૯. લોભ :- સોનાની ચેનના લોભે ઉપધાન કરવા, કોઈપણ પ્રકારની પ્રભાવના-સ્વામિવાત્સલ્ય આદિના લોભે ધર્મ કરવાથી....

૧૦. રાગ :- મત-પંથ-સંપ્રદાય આદિના કારણે ક્રોધાદિ કષાયો કરવાથી....ગુરુરાગે બીજાઓને હાથ ન જોડવા-વંદન ન કરવાથી....

૧૧. દ્વેષ :- ધર્મ દ્વેષ, જાતિ દ્વેષ, મત-પંથ-સંપ્રદાયનો દ્વેષ, હું માનું એ જ સાધુ સારા બાકીના પ્રત્યે દ્વેષ રાખવાથી....

૧૨. કલહ :- ધર્મસ્થાનો માટે લડાઈ-ઝઘડા કરવાથી. ધર્મસ્થાનોના વહીવટ માટે, માલિકી હક્ક માટે કલહ કરવાથી....

૧૩. અભ્યાખ્યાન :- સાધર્મિક બંધુ ઉપર ચોરીનો આરોપ લગાડવાથી. સાધુ-સાધ્વીજી ભગવંતો પર ખોટા આરોપ લગાડવાથી, ધાર્મિક શિક્ષક-શિક્ષિકાને ખોટા આરોપોથી દુઃખી કરવાથી....

૧૪. પૈશૂન્ય :- સંયમજીવનમાં રહીને સહવર્તી સાધુઓની, મુનિઓની ચાડી-ચૂગલી કરવાથી....

૧૫. રતિ-અરતિ :- કોઈપણ ભૌતિક પદાર્થો અથવા વ્યક્તિઓ પ્રત્યે ગમા-અણગમાનો ભાવ રાખીને રાગ અને દ્વેષ કરવાથી મોહનીય કર્મ બંધાય.

૧૬. પરપરિવાદ :- ખોટી નિંદા-ટીકા-ટિપ્પણી કરવાથી, સાધુ-સંત, ધર્મગ્રંથ, ધર્મના સિદ્ધાંતો આદિની નિંદા કરવાથી....

૧૭. માયા-મૃષાવાદ :- સત્ય જાણતા હોવા છતાં પણ ક્રોધ, માન, માયા અને લોભના કારણે વસ્તુ અને વ્યક્તિને પામવા માટે કોઈપણની સાથે છેતરપિંડી કરવાથી મોહનીય કર્મ બંધાય.

૧૮. મિથ્યાત્વશલ્ય :- ભગવાનને ભગવાન ન માનવાથી, ત્યાગી, તપસ્વી, પંચ મહાવ્રતધારી સાધુ-ગુરુ ને ગુરુ ન માનવાથી, કેવલી-સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મ પર અશ્રદ્ધા કરવાથી, તત્ત્વની શ્રદ્ધા ન કરવાથી, સત્યને અસત્ય અને અસત્યને સત્ય માનવાની વિપરીત બુદ્ધિ ધરાવી તે પ્રમાણે વિચારણા કરવાથી....

**આયુષ્ય કર્મનો બંધ થાય :-**

૧. પ્રાણાતિપાત :- પંચેન્દ્રિય જીવોની હિંસા કરવાથી, ગર્ભપાત કરાવવાથી, માંસાહાર કરવાથી **નરક ગતિનું** આયુષ્ય બંધાય.

૨. મૃષાવાદ :- ખૂન, બળાત્કાર, લૂંટ-ફાટ કરનારા ડાકુઓને કોર્ટ કેસમાં જિતાડનાર વકીલો પણ નરક ગતિનું આયુષ્ય બાંધે.

૩. અદત્તાદાન :- ઘર ફોડી, બૅંક લૂંટવી, દાણચોરી કરવાથી અશુભ આયુષ્ય કર્મનો બંધ થાય.

૪. મૈથુન :- એકવારના સંભોગથી લાખ જીવોની હિંસા થાય તેવા મૈથુનસેવનથી નરકાદિ ગતિનું આયુષ્ય કર્મ બંધાય.

૫. પરિગ્રહ :- ધન-સંપત્તિ; સોના-ચાંદી, હીરામોતી આદિ પર ભારી મૂર્છા રાખવાથી **તિર્યંચ ગતિનું** આયુષ્ય બંધાય.

૬. ક્રોધ :- અતિશય ક્રોધ કરવાથી નરક ગતિનું આયુષ્ય બંધાય.

૭. માન :- માન-અભિમાન કરવાથી અશુભ આયુષ્ય કર્મનો બંધ થાય.

૮. માયા :- પૂજા-સેવા, સામાયિક-પ્રતિક્રમણાદિ ક્રિયામાં માયા કરવાથી તિર્યંચગતિનું આયુષ્ય બંધાય.

૯. લોભ :- સર્વ નાશનું કારણ લોભ હોવાથી અશુભ આયુષ્ય કર્મનો બંધ કરાવે.

૧૦. રાગ :- તીવ્ર રાગાદિના સંબંધોમાં ફૂટ પડવાથી, રાગની સંતુષ્ટી ન થવાથી, આપઘાત કરવાથી નરકાદિ ગતિનું આયુષ્ય બંધાય.

૧૧. દ્વેષ :- પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, માતા-પિતા, કાકા-ભત્રીજા આદિ સંબંધોમાં દ્વેષ-દુશ્મનાવટનો ભાવ રાખવાથી, જાતિ-વેર, જાતિ-દ્વેષ રાખવાથી....

૧૨. કલહ :- કલહ વૃત્તિથી અશુભ આયુષ્ય કર્મનો બંધ થાય.

૧૩. અભ્યાખ્યાન :- નિંદક વૃત્તિથી આખા ગામની નિંદા કરવાથી અશુભ આયુષ્યનો બંધ થાય.

૧૪. પૈશૂન્ય :- સહવર્તી-સાધર્મિકની ચાડી-ચૂગલી કરવાથી....

૧૫. રતિ-અરતિ :- ખાવામાં, પહેરવામાં, ઓઢવામાં, ચાલવામાં, વસ્તુની પસંદગીમાં ગમા-અણગમાનો ભાવ લાવી 'મારુ અને મરુ' ની હલ્કી મનોવૃત્તિથી અશુભ આયુષ્યનો બંધ થાય.

૧૬. પરપરિવાદ :- નિંદા-કુથલી કરવાથી અશુભ આયુષ્યનો બંધ થાય.

૧૭. માયા-મૃષાવાદ :- આ પાપ સ્થાનકના સેવનથી અશુભ આયુષ્યનો બંધ થાય.

૧૮. મિથ્યાત્વશલ્ય :- રાગી દ્વેષી દેવ-દેવીને માનવાથી, દેવ-દેવી સામે બલિ આપવાથી અશુભ આયુષ્યનો બંધ થાય.

**નામ કર્મ બંધાય :-**

૧. પ્રાણાતિપાત :- દીન-દુ:ખી, ગરીબ, અનાથ, રાગી આદિ કોઈને પણ મારવાથી, ખૂન કરવાથી, કતલ કરવાથી અશુભનામ કર્મ બંધાય. નીચગોત્ર કર્મ પણ બંધાય.

૨. મૃષાવાદ :- જૂઠ બોલવાથી અશુભ નામ અને નીચ ગોત્ર કર્મ બંધાય.

૩. અદત્તાદાન :- પશુ-પક્ષીની ચોરી, ધર્મગુરુના ઉપકરણની ચોરી, સિદ્ધાંતોની ચોરી કરવાથી અશુભનામ કર્મ બંધાય છે.

૪. મૈથુન :- કામાંધ બની શ્વાનાદિ પશુ સાથે કુચેષ્ટાઓ કરવાથી, નાના બાળકો સાથે સૃષ્ટિ વિરુદ્ધ કામ કરવાથી અશુભનામ કર્મનો બંધ થાય છે.

૫. પરિગ્રહ :- મૂર્છા પરિગ્રહો - વસ્તુની તથા વ્યક્તિ પ્રત્યે મૂર્છાને પરિગ્રહ કહ્યો છે. આવા પરિગ્રહથી વસ્તુ ઓછી હોય તો પણ મૂર્છા વધારે હોવાના કારણે અશુભ નામ-ગોત્ર કર્મનો બંધ થાય.

૬. ક્રોધ :- ગુસ્સામાં પશુ-પક્ષીને મારવાથી, નોકર-ચાકરને હડધૂત કરવાથી....

૭. માન :- સત્તા, મદથી ગરીબોને ત્રાસ આપવાથી....

૮. માયા :- માયા-કપટ દ્વારા વધારે પગાર લખી વાઉચર પર સહી કરાવી હાથમાં ઓછો આપવાથી....

૯. લોભ :- લાલચ બહુ ભૂંડી બલા છે....

૧૦. રાગ :- પુત્ર, પરિવાર, ધન-સંપત્તિ અને ઐશ્વર્યાદિનો રાગ અશુભનામ-ગોત્ર કર્મ બંધાવે છે.

# પરિશિષ્ટ

**બાર વ્રતનાં નામ :-**

(૧) પ્રાણાતિપાત વિરમણ વ્રત (૨) મૃષાવાદ વિરમણ વ્રત (૩) અદત્તાદાન (ચોરી) વિરમણ વ્રત (૪) મૈથુન વિરમણ વ્રત (૫) પરિગ્રહ પરિમાણ વ્રત (૬) દિગ્પરિમાણ વ્રત (૭) ભોગોપભોગ વિરમણ વ્રત (૮) અનર્થદંડ વિરમણ વ્રત (૯) સામાયિક વ્રત (૧૦) દેશાવગાસિક વ્રત (૧૧) પૌષધ વ્રત (૧૨) અતિથિ સંવિભાગ વ્રત.

**ચરણસિત્તરી :-**

(૧) પાંચ મહાવ્રત (૨) દશ યતિધર્મ (૩) સત્તર સંયમ (૪) દશ પ્રકારે વૈયાવચ્ચ : આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, નવદિક્ષીત, સ્થવિર, સંઘકુલ, ગણ, વૃદ્ધ, ગ્લાન, સમનોજ્ઞ (૫) નવ બ્રહ્મચર્યની વાડ, (૬) રત્નત્રયી, સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર (૭) બાર તપ-છ બાહ્ય, છ અભ્યંતર (૮) ચાર કષાયનો નિગ્રહ.

**કરણસિત્તરી :-**

(૧) ચાર પિંડવિશુદ્ધિ : આહાર, વસ્તી, વસ્ત્ર, પાત્ર (૨) પાંચ સમિતિ (૩) બાર ભાવના (૪) બાર પડિમા (૫) પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ (૬) પચ્ચીસ પડિલેહણના બોલ (૭) ત્રણ ગુપ્તિ (૮) ચાર અભિગ્રહ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ.

**દશ યતિધર્મ :-**

(૧) ક્ષમા (૨) માર્દવ (કોમળતા) (૩) આર્જવ (સરળતા) (૪) મુક્તિ (અલોભ) (૫) તપ (૬) સંયમ (૭) સત્ય (૮) શૌચ (નિરતિચાર) (૯) અકિંચન (અપરિગ્રહ) (૧૦) બ્રહ્મચર્ય.

**દશ ત્રિક :-**

(૧) ત્રણ નિસિહી (૨) ત્રણ પ્રદક્ષિણા (૩) ત્રણ પ્રણામ (૪) ત્રણ પૂજા (૫) ત્રણ અવસ્થાની ભાવના (૬) ત્રણ દિશામાં જોવાનો ત્યાગ (૭) ત્રણ-ત્રણવાર ભૂમિનું પ્રમાર્જન (૮) વર્ણ આદિ ત્રણ (૯) મુદ્રા ત્રિક (૧૦) પ્રણિધાનત્રિક

**તેર કાઠિયાં :-**

(૧) અર્થ ક્રિયા (૨) અનર્થ ક્રિયા (૩) હિંસા ક્રિયા (૪) અકસ્માત ક્રિયા (૫) દૃષ્ટિવિપર્યાસ ક્રિયા (૬) મૃષા ક્રિયા (૭) અદત્તાદાન ક્રિયા (૮) અધ્યાત્મ ક્રિયા (૯) માન ક્રિયા (૧૦) અમિત્ર ક્રિયા (૧૧) માયા ક્રિયા (૧૨) લોભ ક્રિયા (૧૩) ઈર્યાપિથ ક્રિયા.

**જિનમંદિરમાં આ પ્રમાણે કરવાથી આશાતના થાય છે. આશાતના એટલે જે સમસ્ત કલ્યાણ રૂપી સંપત્તિની વેલડીના અવંધ્ય બીજ સમાન જ્ઞાનાદિના લાભનો નાશ કરે તે.**

૧. જિનમંદિરમાં મોઢાનું શ્લેષ્મ એટલે કફના ગળફા નાખે.
૨. ક્રીડા કરે.
૩. વચનથી ઝઘડો કરે.
૪. અખાડાની જેમ ધનુષ-બાણ વગેરે કળાઓ શીખે.
૫. કોગળા કરે.
૬. મુખવાસ ખાય.
૭. તાંબુલ ખાઈને પાનની પીચકારી ત્યાં મારે.
૮. જકાર, મકાર વગેરેની ગાળો બોલે.
૯. ઝાડો (વડીનીતિ), પેશાબ (લઘુનીતિ) કરે.
૧૦. શરીરને નવડાવે-ધોવડાવે, સ્નાન કરે.
૧૧. દાઢી, મૂછ, માથાની હજામત કરે.
૧૨. હાથ-પગના નખ કોતરાવે.

૧૩. શરીરમાંથી નીકળતું લોહી ત્યાં નાખે.

૧૪. સુખડી વગેરે ભાતું ત્યાં ખાય.

૧૫. ઘા વગેરેની ચામડીને ત્યાં નાખે.

૧૬. દવા વગેરેથી ત્યાં પિત્ત કાઢે.

૧૭. ઊલટી કરે.

૧૮. દાંતોને નાખે કે દાંત ઘસે.

૧૯. અંગોપાંગ દબાવડાવે.

૨૦. બકરા વગેરે પશુઓને બાંધે.

(૨૧) થી (૨૮) દાંત, આંખ, નાક, કાન, ગાલ, માથું, નખ અને શરીરનો મેલ ત્યાં નાખે.

૨૯. મંત્ર એટલે ભૂત વગેરે નિગ્રહરૂપ અથવા રાજાદિના કાર્યની વિચારણા રૂપે તે દેરાસરમાં કરે.

૩૦. પોતાના લગ્ન વગેરે કાર્યના નિર્ણય માટે વૃદ્ધ વગેરે પુરુષોરૂપ જ્ઞાતિને (પંચને ભેગું કરે) ભેગી કરે.

૩૧. વેપાર વગેરેના દસ્તાવેજોના લેખ કરે.

૩૨. ભાગીદાર વચ્ચેના ભાગો ત્યાં પાડે.

૩૩. પોતાના પૈસા વગેરેનો ત્યાં ભંડાર કરે.

૩૪. પગ ઉપર પગ ચડાવીને ઔચિત્ય વિના બેસે.

૩૫. છાણાં સૂકવે.

૩૬. કપડાં સૂકવે.

(૩૭)થી (૩૯) મગ વગેરેની દાળ, પાપડ, વડી વગેરે સૂકવે.

૪૦. રાજા, લેણદાર વગેરેના ભયથી દેરાસરના ગભારા વગેરેમાં સંતાય.

૪૧. સ્ત્રી, પુત્ર વગેરેના વિયોગથી દેરાસરમાં રડે.

૪૨. જુદી જુદી જાતની સ્ત્રીઓ વગેરેની સુંદર કથાઓ રૂપ વિકથા કરે.

૪૩. બાણ, અસ્ત્ર, ધનુષ્ય વગેરે ઘડાવે.

૪૪. ગાય, ઘોડા વગેરે ત્યાં રાખે.

૪૫. ઠંડી વગેરેમાં તાપણું કરે.

૪૬. રસોઈ કરે.

૪૭. દ્રમ્મ વગેરે નાણાંની પરીક્ષા કરે.

૪૮. દેરાસરમાં પેસતાં 'નિસિહી' જરૂર કરવી જોઈએ, તે જો ન કરે.

(૪૯) થી (૫૨) છત્રી, પગરખાં, જોડાં, તલવાર, શસ્ત્ર અને ચામડું દેરાસરની બહાર મૂકે નહીં પણ અંદર લઈ જાય.

૫૩. જુદા જુદા વિચાર કરવારૂપ મનની અસ્થિરતા કરે.

૫૪. તેલ વગેરેથી પોતે માલિસ કરે.

૫૫. સંચિત ફૂલ, તંબોલ વગેરેના પાંદડાને બહાર ન મૂકે.

૫૬. હાર, રત્ન, મુદ્રિકા (વીટી) વગેરે અજીવને બહાર મૂકે તો અશાતના. કેમકે બહાર મૂકે તો 'અરે ! આ તો ભિખારીનો ધર્મ છે.' એ પ્રમાણે સમજવું. દુષ્ટ લોકો ધર્મની નિંદા કરે.

૫૭. જિનપ્રતિમાને જોતાંની સાથે હાથ ન જોડે.

૫૮. એક શાટક એટલે ઉપરના વસ્ત્ર વડે ઉત્તરાસંગ ન કરે એટલે ખેસ ન નાખે.

૫૯. માથે મુગટ-ટોપી, સાફો ધારણ કરે.

૬૦. માથા ઉપર મૌલિ એટલે શિરોવેષ્ટનરૂપ પાઘડી અથવા ફેંટો બાંધે.

૬૧. માથા ઉપર ફૂલ વગેરેની વેણી કરે.

૬૨. કબૂતર, નાળિયેર વગેરેની હોડ કરે.

૬૩. જિંડુહ એટલે દડો, ગેડી, લખોટી, કોડી વગેરેની રમતો રમે.

૬૪. પિતા વગેરેને જુહાર કરે.

૬૫. ભાંડ, વિટ, નટ વગેરેની જેમ કક્ષા (બગલ) વાદન વગેરેની ક્રિયા કરે.

૬૬. તિરસ્કાર જણાવનાર 'રે.' કાર વગેરે શબ્દો વાપરે.

૬૭. શત્રુને અથવા દેવાદારને પકડે.

૬૮. લડાઈ કરે.

૬૯. પલાંઠી વાળીને બેસે.

૭૦. લાકડાની પાદુકા પહેરે.

૭૧. પગ લાંબા કરી સંકોચ વિના બેસે.

૭૨. પુટપુટિકાદાપન એટલે સીસોટી, ચપટી, પીપૂડી વગાડે.

૭૩. પોતાના શરીરના અવયવો ધોવા દ્વારા કાદવ કે ગંદકી કરે.

૭૪. પગ પર લાગેલી ધૂળ ઝાટકે.

૭૫. મૈથુન સેવે.

૭૬. માથા વગેરેમાંથી જૂ વગેરે કાઢી ત્યાં નાંખે.

૭૭. ભોજન કરે.

૭૮. ગુહ્યલિંગ પ્રકટ કરે અથવા 'યુદ્ધ' એ પ્રમાણે પાઠ હોય તો મૂઠી, દષ્ટિ, બાહુ વગેરેથી યુદ્ધ કરે.

૭૯. ચિકિત્સા કરે.

૮૦. લેવા-દેવા રૂપ વેપારની લેવડ-દેવડ કરે.

૮૧. પથારી કરી સૂવે.

૮૨. પીવા માટે પાણી મૂકે અથવા પીએ.

૮૩. પાણીમાં ડૂબકી મારી સ્નાન કરે.

૮૪. માથાના વાળ ખુલ્લા કરે.

★ ★ ★



અંતિમ લક્ષ્ય

# કર્મક્ષય

